# પ્રકરણ 3
# આત્માનુભવ

# પ્રકરણ - ૩

## આત્માનુભવ

'એક મહાન ભૂલ' ની છેલ્લી પંક્તિઓ પછી 'સાગર' ની કવિતામાં હૃદયના સંઘર્ષ કે વિરહના દર્દને બદલે પરમાત્મા સાથેની એકતાના આનંદનું જ ગાન આપણે સાંભળીએ છીએ. પરમાત્મા સાથેના અદ્વૈતાનુભવની મસ્તી પણ 'સાગર'માં સ્પષ્ટ જોઇ શકાય છે. પરમાત્માના પ્રેમની દૃઢતાનું નિરૂપણ 'સાગર' આ પ્રમાણે કરે છે:

માનત મહાત્મા તું ખરે! - સાગર! પીવું જો છોડી દે,
પણ લત પડી, પડી તે હવે! સાગર! શરાબ છૂટે નહીં.[1]

પોતાની પરમાત્મા પ્રેમની મિજલસની ભવ્યતાનું 'સાગર' નું નિરૂપણ ખાસ નોંધપાત્ર છે:

ચાંદ સૂરજ! અહિં આવજો,
બ્રહ્માંડને ફરમાવજો,
નવી મહેફિલે શામિલ થજો
ભરજો શરાબી મંડળી[2]

'સાગર' પરમાત્મા સાથેની એકતાનું શૃંગારપૂર્ણ નિરૂપણ 'હાંજી હાં!' ગઝલમાં આ રીતે કરે છે:

લાઝિમ, અગર બસ નાચવું -
ભરપૂર પાવું પીવાડવું -
તારે જનાને મહાલવું -
લૂંટવું જ જોબન હાં જી હાં![3]

...........

[1]'દીવાને સાગર', ૧, પૃ. ૩૩૨

[2]એજન, પૃ. ૩૩૩

[3]એજન, પૃ. ૩૩૪

આ પંકિતઓમાં ઇશ્કે શરાબની મસ્તીનું હૂબહુ ચિત્રણ 'સાગર' ની આત્માનુભવની ખુમારીનું નિદર્શક છે. 'હમારો ચિતારો' ગઝલમાંનો શૃંગાર આત્માનુભવની સચોટ અભિવ્યકિત-માં આવશ્યક અને સહાયક બની રહે છે. જુઓ,

ના, ના નજર ઉપાડશો, પાલવ જરીક ખસેડશો ?
બસ. અંતરંગ ઉઘાડશો;
હસશો નહીં, ન અડીશ હું.[૪]

અને પોતાની સનમ સાથેની એકતાનું આલેખન 'સાગરે' ખૂબ વિશદતાથી આ રીતે વ્યકત કરે છે.

બોલો અગર ના બોલશો-
પણ આંખ જયાં જયાં ખોલશો -
ત્યાં ત્યાં જ સાગર દેખશો -
હાઝર ચિતારો હઇશ હું.[૫]

'થાઉ ખૂબસૂરત ગઝલમાં' 'સાગર' પોતાની સનમનું સૌંદર્ય પોતે પ્રાપ્ત કરી શકે અને એ દ્વારા તેની સાથે ઐક્ય અનુભવી શકે તે માટેની યુકિત સમજાવતાં પોતાની સનમને આજીજી કરતાં કહે છે કે, પોતાને તે કાં તો ખતમ કરી નાખે અથવા પોતાનામાં જ સમાવી લે. જુઓ:

સનમ આમિન! ખતમ કરી લે,
હવે તુજ મસ્ત સાગરને-
સરાસરમાં સમાવી લે-
હું યે બસ થાઉ ખૂબસૂરત![૬]

ઇશ્કની મસ્તી માં 'સાગર' પોતાની સનમ સાથેની એકતાના સ્વાનુભવો માટેની કલ્પના કરતા પોતાને માટે કહે છે કે:

...........

[૪] એજન, પૃ. ૩૩૫
[૫] એજન, પૃ. ૩૩૬
[૬] એજન, પૃ. ૩૩૯

હાં. કોઇ કોહી ધરાબમાં,
કાતિલ અગર તુજ આંખમાં,
પરીઝાદી, યા તુ જ પાંખમાં-
ચૂપચૂપ લપાઇ જઇશ હું.[७]

કોઇકવાર આત્માનુભવની આ મસ્તીનું સ્વરૂપ ભયંકર પણ લાગે છે. પરંતુ તેમાં પણ અર્થનું ગાંભીર્ય ખાસ ધ્યાન ખેંચે છે. 'તુરત જવાબ' ગઝલમાં 'સાગર' કહે છે કે,

છે ચાવી સાગરને જડી:
તકદીર ઘડી લે અણઘડી:
હસવું ઝનાજા પર ચડી-
હાં! મોત આવે તે અવલ[८]

અજાતવાદી 'સાગર' પોતાના તત્વજ્ઞાનના સિધ્ધાંતો સમજાવતાં 'ચિંતન' 'મનન', 'ધ્યાન', 'તુહિ તુહિ આતમરામ', 'અભ્યાસ' અને 'નિદિધ્યાસન' પદોમાં આત્મજ્ઞાનનું મહત્વ સમજાવે છે.

પોતાની જ પ્રતિકૃતિને પોતાની જ આરાધ્ય વસ્તુ બનાવી પોતે જ પોતાને પૂજે છે. આવી ભાવના વ્યકત કરી આ પદમાં 'સાગર' કહે છે કે , પરમાત્મા નામ, રૂપ અને ગુણથી પર છે. એટલે આત્મસ્વરૂપ પરમાત્મનું ચિંતન અંતર્મુખ બની કરવાનું છે. જુઓ:

ખુદ કી છબિ કો છબીલી બનાકે -
ખુદ હિ પૂજત મતવારો.
અબ તો, ચિંતન અજબ હમારો!
રૂપ અરૂપ કો કીનો નિરૂપિત-
નામ, રૂપ, રંગ પ્યારો.
અબ તો, ચિંતન અજબ હમારો![९]

...........

[७]એજન, પૃ. ૩૪૧

[८]એજન, પૃ. ૩૪૨

[९]એજન, પૃ. ૩૪૪

જગત અને પરમાત્માના સ્વરૂપ વિષે મનન કરતા 'સાગર' 'મનન' પદ દ્વારા કહે છે કે, મારું સ્વરૂપ પરબ્રહ્મથી ભિન્ન નથી. બીજું કોઇપણ મારાથી ભિન્ન નથી. છતાં આ જગતનું મિથ્યા અસ્તિત્વ માનીને જગતની સાથેનો સંબંધ જગતથી ભિન્ન રીતે હું રાખી રહ્યો છું. જુઓ:

નાહીં દૂજા મોસે કોઉ તથાપિ-
મિથ્યા કો જગત મનાયો!
સ્વયંભૂ કૈસો ભેદ બતાયો![10]

પરમાત્માથી અભિન્ન હોવા છતાં વાસ્તવિકરીતે પ્રતીત થતી ભિન્નતાનું કારણ દર્શાવતાં 'સાગર' જીવ અને શિવના દ્વૈતને સમજાવતાં કહે છે કે, જીવાત્મા જયારથી પરમાત્માથી ભિન્ન રીતે પોતાનું અસ્તિત્વ માનીને વિભિન્ન ઇચ્છાઓ કરે છે ત્યારથી જીવનું શિવત્વ મટી જાય છે અને તે જીવપણું પ્રાપ્ત કરે છે.

મનની આ સંકલ્પવૃત્તિ - ઇચ્છાશકિત વડે જ નિરંજન પરમાત્મા પુરંજન-જીવાત્મા કહેવાય છે. જુઓ:

આપ નિરંજન કહત પુરંજન-
જબ સે મૈં ઇચ્છામેં આયો.
સ્વયંભૂ કૈસો ભેદ બતાયો.[11]

'ધ્યાન' પદમાં 'થયું ગયું કંઇ નથી' એ બાપાજીનો સિધ્ધાંત - અજાતવાદનો સિધ્ધાંત-સમજાવતાં 'સાગર' કહે છે કે આ સર્વ બ્રહ્મલીલા છે. કશાની ઉત્પત્તિ કે લય છે જ નહીં. શ્રી. ગૌડપાદાચાર્ય કહે છે તેમ જીવ કે જગત કશાની ઉત્પત્તિ થઇ નથી. ત્યાં આશક કોણ અને માશૂક કોણ ? એવી ભિન્નતા સંભવતી જ નથી. જુઓ:

...........

[10]એજન, પૃ. ૩૪૫

[11]એજન, પૃ. ૩૪૫

નાહીં હુઆ કછુ! હોત નહીં કછુ!
ના કછુ હોવણહારા!
આતમજી. યેહિ હૈ ખેલ તુમ્હારા!
કૌન હૈ આશક? કૌન હૈ માશૂક ?
સારા હિ બ્રહ્મપસારા!
આતમજી! યેહિ હૈ ખેલ તુમારા![12]

આજ સિધ્ધાંત 'તુ હિ તુહિ આતમરામ' પદ દ્વારા પણ વ્યકત થયો છે જુઓ:

ના કછુ ઔર કિયો હૈ કિસીને!
આપઉછાંહી તમામ!
મનુવા! તુ હિ તુ હિ આતમરામ![13]

જગતના વિવિધ દેખાવો આત્માનું જ પ્રતિબિંબ છે. આ સર્વ દ્વૈત ભાવાત્મક સંસારના દેખાવોમાં આત્મા જ સર્વત્ર વ્યાપ્ત છે, અને તે જ પરમાત્મા છે. જુઓ:

વ્યાપ આપ કો સબ સંસારા!
દરસત દ્વૈત સકામ!
મનુવા! તુ હિ તુહિ આતમરામ![14]

જગતમાં પ્રતીત થતા દ્વૈતભાવનું અસ્તિત્વ સાચું પણ નથી, મિથ્યા પણ નથી. પરંતુ સર્વત્ર સર્વદા ને સર્વથા પરબ્રહ્મનો સમંદર જ વિલસી રહ્યો હોઇ પોતે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરતા દ્વૈતભાવ રહેતો નથી અને પરબ્રહ્મ સાથે પૂર્ણપણે એકતાનો સ્વાનુભવ પ્રાપ્ત થાય છે. પોતાના અહંકારનો- હું પણાનો પોતાનામાં લય કરવો આવશ્યક છે એ સમજાવતાં 'સાગર' કહે છે કે:

સુપનેમેં ફાંસી લગાઇ દૂઇ કી!
જાગત રહત કયોં રોના?
હો જિયરા! અપનાઇ આપમેં ખોના.[15]

...........

૧૨ એજન, પૃ. ૩૪૬
૧૩ એજન, પૃ. ૩૪૭
૧૪ એજન, પૃ. ૩૪૭
૧૫ એજન, પૃ. ૩૪૮

દેહધ્યાસ છોડીને પરબ્રહ્મમાં પોતાની વૃત્તિઓ -અહંપણાનો લય કરવો જોઈએ એ ભાવ 'નિદિધ્યાસન' પદમાં[૧૫] 'સાગર' આ રીતે વ્યકત કરે છે:

યે હિ સબ એક કી અદભુત લીલા,
તાહિ મેં હોના વિલીના,
પિયારે! દેહ અધ્યાસ છૂડાના.[૧૬]

વાસ્તવિકતામાં જે છે જે નહીં તેનુ મિથ્યા આરોપણ કરી દેહની સાથેના મિથ્યા સંબંધનો ત્યાગ કરી આત્માનું સાચું સ્વરૂપ પ્રાપ્ત થતાં, 'શૂન્યનગર'માં 'બ્રહ્મસનમ' સાથે તાદાત્મ્યનો અનુભવ થઈ શકે છે. પોતાનો સ્વાનુભવ સમજાવતા 'સાગર' કહે છે:

બ્રહ્મસનમ. તોરે શૂન્યનગરમેં-
સાગર! અલખ જગાના.
પિયારે! દેહધ્યાસ છુડાના.[૧૭]

'સાગર'નો સૂફી માર્ગ પ્રેમયોગમાં સનમ એટલે બ્રહ્મસનમ- સૂફીવાદની સાથે અજાતવાદનો સમન્વય-'સાગર'ના પ્રેમધર્મનું વિશિષ્ટ લક્ષણ કહી શકાય.

'સાગર' 'રાજકુમાર રસીલો' કહી પોતાનો પરિચય આપતા સૂફીવાદનું આવશ્યક લક્ષણ દર્શાવતા કહે છે કે,

નગરી હમારી ફના કી અજાયબ!
ગેબ હમારો બસીલો!
સૈયા! મૈં તો રાજકુમાર રસીલો! [૧૮]

............

[૧૬]એજન, પૃ. ૩૪૯

[૧૭]એજન, પૃ. ૩૪૯

[૧૮]એજન, પૃ. ૩૫૧

પોતાની 'ફના' ની મસ્તીનું નિરૂપણ કરતા 'સાગર' આ જ પદમાં કહે છે કે :

ફિકર જિકર કે ફિતૂર ફના કર-
મસ્ત રહત મૈં છબીલો![19]

'ખુમારી' પદમાં પોતાની બ્રહ્મલગન દ્વારા પ્રાપ્ત થતી ખુમારીનું નિદર્શન કરાવતા 'સાગર' કહે છે કે:

ભેજી નજરિયાકો ગગન કી ભીતર —
દરસત નાહીં દૂજાઇ!
o o o
તું હિ બ્રહ્મ સનમા હો બલમા કે બલમા!
લગની ન જાઇ લિખાઇ![20]

'લડવું તો,' 'દમવું તો,' 'અખાડો,' શ્રવણે, 'ભોજન,' 'ધૂન' પદોમાં સાગરે પોતાનો સાધનમાર્ગ દર્શાવ્યો છે. પરમાત્મપ્રાપ્તિનો ઉલ્લાસ મસ્તી- નિજાનંદ અને આત્માનુભવ દ્વારા પોતાને પ્રાપ્ત થયેલા સાધનમાર્ગનું સાધનાકાળના આ પદોમાં સાગરે સ્પષ્ટ દર્શન કરાવ્યું છે.

ભકિત અને વૈરાગ્યનું બખતર પહેરી, જ્ઞાનને ઘોડે ચઢીને મન સામે લડવાનો ઉપદેશ આપતાં 'સાગર' પ્રેમબ્રહ્માસ્ત્ર સજીને, હું તું ને - જગતના માયાવી સંબંધને મારીને - જગતનો ચૈતત્યાંગ કરીને ગુરુજીના શબ્દ વડે અનંતમાં આગળ વધવાનો અનુરોધ કરતાં પોતાને માટે કહે છે કે:

સાગરરાજ ચડયા અસ્વારી, ચાલો નથીજ ઊગરવું
ઓ દેશી! લડવું તો મન સામે લડવું.[21]

'દમવું તો' પદમાં મનનું દમન કરી આત્મ અનાત્મ વિવેક દ્વારા આત્માના સહજ સ્વભાવમાં રહેવા માટે પોતાનામાંથી અહંપણાનો ત્યાગ કરવા પોતાને માટે 'સાગર' કહે છે કે :

...........

19 એજન, પૃ. ૩૫૧

20 એજન, પૃ. ૩૫૨

21 એજન, પૃ. ૩૫૩

ચેતન સાગર રાજ સ્વયં છો, નહીં નહીં મનવાને નમવું.
વહાલીડાં! દમવું તો મનવાને દમવું.[૨૨]

કામી મન ઉપર પુરુષાર્થ વડે વિજય પ્રાપ્ત કરનાર શૂરવીર જ આત્માનુભવ પ્રાપ્ત કરી શકે છે, એ સમજાવતાં 'અખાડો' પદમાં 'સાગર' કહે છે કે:

અનુભવ સાગરરાજ વિદ્યાનો, પુરુષાર્થે ઉઘાડો
ઓ હરિજન! શૂરાનો બ્રહ્મ અખાડો.[૨૩]

આ સર્વ મિથ્યા છે, એક માત્ર પરમાત્મા પ્રેમ જ સાચો છે. એ સમજાવતાં 'સાગર' 'શ્રવણ' પદમાં કહે છે કે,

સાચી તો પ્રભુની સગાઇ, સુણીએ જી!સાચી તો પ્રભુની સગાઇ [૨૪]

પોતાનો અજાતવાદનો સિધ્ધાંત સમજાવતાં, 'ભોજન' પદમાં 'સાગર' કહે છે કે અંતદૃષ્ટિ વડે જગતનો લય કરી મનના ભ્રમને ભસ્મ બનાવી, જગતને હકીકતમાં પૂર્ણ બ્રહ્મસ્વરૂપ અનુભવી શકાય છે. શમ, દમ આદિ સાધનો વડે આત્મા પરમાત્માની એકતાનો સ્વાનુભવ પ્રાપ્ત થઇ શકે છે . જુઓ,

અંતરદૃષ્ટિથી લય કર જગનો, મન ભ્રમ કરી લે ભસ્મ.
જીવન્મુકત જગત હકીકતમાં વિલસત કેવળ બ્રહ્મ.[૨૫]

પ્રણવનો સતત જાપ-ધૂન આત્માનુભવ માટે ખૂબ સહાયક નીવડે છે. પ્રણવની મહત્તા 'ધૂન' પદમાં સમજાવતાં 'સાગર' પોતાનો અનુભવ વ્યકત કરતા કહે છે કે:

ચહુ દિશ બહુરૂપી સાગર રાજ હિ! યે હિ અનુભવ ગાવો,
જગાવો જી! ધૂન પ્રણવની જગાવો.[૨૬]

'વિચારણા', 'જ્ઞાન નિસરણી', 'તનુ માસમાં', 'સત્વાપત્તિ', અસંસકિત, 'ગુડમોર્નિંગ' 'એકડે એકો', પદો અને ગઝલોમાં વેદાંતની સપ્તભૂમિકાનું આત્મજ્ઞાન માર્ગમાં મહત્વ સાગરે સમજાવ્યું છે. પોતાના આત્માનુભવનો માર્ગ સૂફીશાહી બાનીમાં 'જ્ઞાન નિસરણી' પદ વ્દારા સમજાવતા 'સાગર' સત્સંગ અને ગુરુભકિતનું મહત્વ

...........

[૨૨] એજન, પૃ. ૩૫૩
[૨૩] એજન, પૃ. ૩૫૪
[૨૪] એજન, પૃ. ૩૫૪
[૨૫] એજન, પૃ. ૩૫૬
[૨૬] એજન, પૃ. ૩૫૬

સમજાવતા કહે છે:

સત્સંગતિ રતિ, હરિગુરુપ્રીતિ,
બ્રહ્મપ્રિયા લેવી પરણી.
ચલો! મેરી જાન, ચડીએ, જ્ઞાનનિસરણી.[૨૭]

શુભેચ્છાનું પ્રથમ પગથિયું જ્ઞાન માર્ગમાં આવશ્યક છે. બીજું પગથિયું વિચારણાનું છે, જેમાં પોતાના સાચા સ્વરૂપની વિચારણા મુમુક્ષુના હૃદયમાં જાગે છે. 'સાગર' આ વિચારણાનું તાત્વિક સ્વરૂપ સમજાવતાં 'વિચારણા' પદ દ્વારા કહે છે કે:

મૂળ તપાસ્યુ તો તત્વ જ ભાખ્યા:
મનની માનીતી તે માયા!
મુમુક્ષુઓ! જાગ્યા, ગુરુએ જગાડયા![૨૮]

'તનુમાનસા' પદ દ્વારા 'સાગર' વેદાન્તની ત્રીજી ભૂમિકા સમજાવતા કહે છે કે મનોબુધ્ધિનું આધ્યાત્મિક રીતે સૂક્ષ્મીકરણ કરીને તેના મૂળમાં આંતરદૃષ્ટિએ બધું જોવું જોઇએ; તો જ સર્વત્ર પરબ્રહ્મનું દર્શન થઇ શકે. જુઓ:

મનને પકડવું, ને વાળવું પાછું:
શુધ્ધ સ્વરૂપે ઠરવવું.
અલખના ઓ જોગી! ઝીણું ઝીણું મન કરવું.[૨૯]

સત્વાપતિની ચોથી ભૂમિકા દ્વારા આંતરમાં નિસ્ત્રૈગુણ્યાનુભવ નિર્દ્વંદ્વ અને નિત્યસ્વસ્થપણે સાધક અનુભવી શકે છે. આ ભૂમિકા સમજાવતા 'સત્વાપત્તિ' પદ દ્વારા 'સાગર' સમજાવે છે કે દૃષ્ટિ આંતરમુખ થતાં બાહ્યસૃષ્ટિના મિથ્યાત્વનો વિલય થતાં, સર્વત્ર પરબ્રહ્મનું સામ્રાજય અનુભવી શકાય છે. જુઓ:

સોહતેજ બધે ય સમાણું! તત્વ જ તત્વ ત્રિકાળ!
મિથ્યાની સૃષ્ટિ ઓગાળતા રે, રેલે સાગરરાજ રસાળ.[૩૦]

...........

[૨૭] એજન, પૃ. ૩૫૭
[૨૮] એજન, પૃ. ૩૫૮
[૨૯] એજન, પૃ. ૩૫૯
[૩૦] એજન, પૃ. ૩૬૦

અને 'અસંસકિત' પદમાં સાધકનો વેદાંતની આ પાંચમી ભૂમિકાએ પહોંચતા કેવળ અનાસકત નિર્લેપ દશાનો અનુભવ સાગરે આ પ્રમાણે વ્યકત કર્યો છે, જુઓ:

નથી સાગર, નથી હું નદી અસંસકિત નિજાનંદી!
સદા શિવ-ધન, સદા શકિત, હું આત્મા છું, હું આત્મા છું.[31]

વેદાંતની છઠ્ઠી ભૂમિકા 'ગૂડમોર્નિંગ' ગઝલ દ્વારા સમજાવતાં સર્વપ્રકારની મર્યાદાઓથી પર પરમાત્મા સાથેની અભિન્નતાનો અનુભવ વ્યકત કરતું 'સાગર'નું આત્મ દર્શન નીચેની પંકિતઓ દ્વારા રજુ થયું છે જુઓ:

અહો! હો! હો! 'નથિંગ બટ વન!'
નથી સાગર મગર આત્મનં
સુમન સો રંગી નિર્વાસિન, સનાતન હું જ ગુડમોર્નિંગ[32]

સાતમી ભૂમિકામાં આત્માનુભવનું નિદર્શન કરાવતાં 'એકડે એકો' ગઝલ દ્વારા 'સાગર' પોતાને માટે કહે છે કે:

નહાવું ત્રણ ત્રિવેણીમાં-
સમાવું બ્રહ્મ સોહમ માં-
અનુભવ આત્મ સાગરમાં, હું અક્ષય એકડે એકો.[33]

આત્મજ્ઞાનના ઉપદેશપ્રધાન પદોમાં 'અનુભવ બ્રહ્મ હમારો', 'બેફિકર', 'ઉપદેશ' 'જીવને વિનંતી', 'અર્જુનની પ્રાર્થના', 'અર્જુનને ઉત્તર', 'શિક્ષા', 'મિયા હો', 'હમારો રંગ' 'ધણી સંગે વસવું' પદોમાં સાગરે પોતાના તત્વજ્ઞાનના વિશિષ્ટ સિધ્ધાંતો સમજાવ્યા છે.

પોતાનો બ્રહ્માનુભવ વ્યકત કરતા 'સાગર' પરમાત્મા સાથેની પોતાની અભિન્નતા દર્શાવતાં કહે છે કે:

...........

[31] એજન, પૃ. ૩૬૦

[32] એજન, પૃ. ૩૬૧

[33] એજન, પૃ. ૩૬૨

કિસીકો ન નિન્દું: મૈં બન્દુ કિસીકો ? કોઉ નહીં મોસે
ન્યારો!હો સંતો!

o o o

ગગનગુફામેં અગમ ગુરુધેરો! પાયો પ્રીતમ મતધારો.
હો સંતો![34]

સૂફી હંમેશા વર્તમાનમય વિહરે છે, એ ભાવ વ્યકત કરતાં 'સાગર' ભવસાગર તરવા માટે વર્તમાનકાલના પોતાના પ્રબળ પુરુષાર્થનું જ મહત્વ સ્વીકારતાં 'બેફિકર' પદ દ્વારા કહે છે કે:

ભસમ કરો, બસ ભૂત ભવિષકો-
વર્તમાનમેં ફરો!
સાધુ!તુમ પલકી ફિકર મત કરો.[35]

ઉપદેશ પદ દ્વારા પ્રતિક્ષણ પરબ્રહમનો જાપ કરતાં સોહમનો સૂર હૃદયમાં જાગે છે એ પોતાનો અનુભવ વ્યકત કરતાં સાગર કહે છે કે:

જ્ઞાનવિરાગે 'હરિહરિ' રટજે, આદિ ને અંતે ઓમ
સરિઅતિ સાગર પૂર ઉલટતાં, જાગે છે સૂર સોહમ[36]

'જીવને વિનંતી' પદ દ્વારા 'સાગર' કહે છે કે મનના વિકારો તજવા માટે ભકિતનો માર્ગ અનન્ય માર્ગ છે, જે દ્વારા અહંતા દૂર થતાં પરમાત્મા પ્રાપ્ત થઇ શકે છે. જુઓ:

હું - હું ને થાનક થાપો હરિને, પ્રકટ થશે પ્યારો પ્યારો!
જીવડલા! ભકિતને પંથે પધારો.[37]

ચંચળ મન સંકલ્પવિકલ્પ કરાવે છે, એને મારવાનો રામબાણ ઇલાજ શો છે ? એવી અર્જુનની પ્રાર્થનાનો ઉત્તર આપતાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને દૃઢ

...........

[34] એજન, પૃ. ૩૭૨

[35] એજન, પૃ. ૩૭૩

[36] એજન, પૃ. ૪૨૮

[37] એજન, પૃ. ૪૨૮

પુરુષાર્થ વડે પ્રણવ-ધનુષ્ય થી આત્મ-અભ્યાસ અને જ્ઞાનવૈરાગ્યની મદદથી મનને મારીને વિજય પ્રાપ્ત કરવાનો અનુરોધ કરતા કહે છે કે:

તું છે અજિત, અમર કર જય હોં,
માયાનું મુકરર મરવું
ઓ યોધ્ધા! દૃઢ પુરુષાર્થ જ કરવું.[38]

અજાતવાદનો મનોનાશનો સિધ્ધાંત રજૂ કરતા 'સાગર' શિક્ષા પદ દ્વારા કહે છે કે આ દૃશ્ય પ્રપંચનું માયાવી દર્શન મનને કારણે થતું હોઇ, આત્માનુભવ માટે મનોનાશ અનિવાર્ય છે.જુઓ:

મન એ જ માયા ને માયા એ મન છે, રગ રગ મંત્ર
એ ભરશો.
પળ પળ સ્મરણ કરી હિત-શિક્ષા, આ ભવસાગર તરશો.
ઓ રાજન! મનનો ભરોસો ન કરશો.[39]

'ભૈયા!હો!' પદ દ્વારા બ્રહ્મજ્ઞાનનો પોતાનો અભેદાનુભવ 'સાગર' આ રીતે વ્યકત કરે છે.

આશક હું છું ને માશૂક હું છું, હું જ વહુ વની પ્રીતિ,
સાગર જ્ઞાનનો ભજન-તરંગો પૂલકે છે બ્રહ્મ-પ્રમિતિ
ભૈયા હો. રાત્રિ તુફાનોની રીતિ[40]

પોતાની સનમ સાથેની એકતાનો સ્વાનુભવ અને પરિણામે પ્રગટેલી આનંદ મસ્તીનું નિરૂપણ 'હમારો રંગ' પદ દ્વારા સાગર આ પ્રમાણે કરે છે:

ફાટયુ મગજ અરુ ફટકયુ જિગર બસ! ફરકે છે ઇશ્ક-ધ્વજૈયા!
સાગર! ફર ભર-નગર વચ્ચોવચ પકડીને સૈયાની બૈયાં.[41]

પરમાત્મા સાથે કાયમના નિવાસ માટે લિંગભેદથી પર રહી મનના વિકારોનું દમન કરીને એક-માત્ર પરમાત્માની અનન્ય ભકિત કરવી જોઇએ,

...........

[38] એજન, પૃ. ૪૩૦

[39] એજન, પૃ. ૪૩૬

[40] એજન, પૃ. ૪૩૯

[41] એજન, પૃ. ૪૩૯

તે વિના અન્ય માર્ગ નથી. એ સમજાવતા 'સાગર' 'ધણીસંગે વસવું' એ પદ દ્વારા કહે છે કે:

ગોપીની પેઠે જગતલાજ લોપી, તું હિ તુંહિ હરિનામ જપવું હો!
સ્ત્રીપણું, પુરુષપણું પરહરવું, મન વિકારોને દમવું હો![42]

પ્રેમલક્ષણા ભકિતના 'ના છૂવો' શ્યામ!' 'નહીં રે ચૂકું,' 'રટણ,' 'જોબનિયાં,' 'દિલદારી', 'પિછાન છે,' 'રંગે રમે,' 'નાથ', 'તારો મહિમા,' 'ગોવાળનું ગીત,' 'મહિયારી,' 'લે લે પરસ્પર કોલ,' 'ખૂબ મથી' અને 'કાળો નથી' જેવાં પદો દ્વારા સાગરે શ્રીકૃષ્ણની ગોપીભાવે કરેલી આરાધના અને તેના પ્રતિફળ રૂપે પ્રાપ્ત થયેલી એકતાનો આનંદ અને મસ્તીનું નિરૂપણ છે.

'ના છૂવો શ્યામ' પદમાં ગોપીભાવે પોતાને સ્પર્શ ન કરવાની શ્યામને વિનંતી કરતાં કવિ કહે છે:

આદિ અનાદિકી મૈં બ્રહ્મચારી!
મનમેં પિયાકા મુકામ!
બાલમ મોરે અંગિયાંકો ન છૂવો, શ્યામ![43]

પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણમાં દૃઢશ્રધ્ધા અને ભકિત હોઇ પોતાનું સર્વસ્વ તેને જ અર્પણ કર્યું છે, જુઓ:

લેશો શરીર તો એ છે શ્રીકૃષ્ણાર્પણ. ભકિતની ભાવનાને નહીં રે રોકું.[44]

સાગર નો કહાનકુંવર ૐકાર સ્વરૂપ છે. તેનું જ રટણ કરતાં 'સાગર' કહે છે કે જ્યાં સુધી દેહમાં પ્રાણ છે ત્યાં સુધી ભકિતનો એ તાર તૂટશે નહીં, જુઓ:

ફિરત ફિરત તોહે પાયા પિયાકોહે
કહાનકુંવર ૐકાર
હે મન! તુંહિ તુંહિ રટ દિલદારા[45]

...........

[42] એજન, પૃ. ૪૪૬
[43] એજન, પૃ. ૩૭૭
[44] એજન, પૃ. ૩૭૮
[45] એજન, પૃ. ૩૮૫

પોતાના આત્માથી એ કહાનકુંવર ભિન્ન નથી. આત્મા-પરમાત્મા એક જ છે. એ સમજાવતા પોતાના આત્મામાં જ 'સાગર' પરમાત્મદર્શન કરતા કહે છે કે:

આતમસાગર મહાજન મથકે -
દેખત દિલમેં દીદારે
હે મન! 'તુ હિ તુહિ' રટ દિલદાર![46]

સૂફીવાદ અને પ્રેમલક્ષણા ભક્તિનો સમન્વય કરતાં 'સનમનું નામ' અને 'જોગનિયાં' પદોમાં 'સાગર' પોતાની સનમને નિર્ગુણ પરબ્રહ્મ ૐકાર તરીકે ઓળખાવતા 'સનમનું નામ' પદમાં કહે છે કે:

'તુહિ તુહિ' રટતાં તલ્લીન થાઉં પ્રેમમાં!
બીજા પ્રભુનું શું કામ છે રે?
મારી સનમનું ૐ ૐ નામ છે.[47]

નિર્ગુણ નાથની - સનમની જોગનિયા તરીકે પોતાનો પરિચય આપતાં 'સાગર' જોગનિયાં પદમાં કહે છે,

નિર્ગુણ નાથકી સાગર સખિયન!
મૈં મતવારિ સોહાગનિયાં!
અજી મૈં મતવારી સુહાગનિયાં![48]

'સાગર' નો કહાનકુંવર પરમાત્મા પોતે હોઇ પોતાની પ્રીતિનો પુરાવો આપતા તે પોતાનો અભેદાનુભવ 'દિલદારી' પદ દ્વારા આ રીતે વ્યક્ત કરે છે:

રોમે રોમે તું ભર્યો છે, સલૂણા!
તારી તો બસ બલિહારી!
હરિ! તારે મારે ખરી દિલદારી![49]

...........

[46] એજન, પૃ. ૩૮૫
[47] એજન, પૃ. ૩૭૯
[48] એજન, પૃ. ૩૮૬
[49] એજન, પૃ. ૩૯૦

શ્રીકૃષ્ણની સાથેનો પોતાનો અભેદાનુભવ 'રંગે રમે' પદ દ્વારા શૃંગારપૂર્ણ વાનીમાં સાગરે આ રીતે વ્યકત કર્યો છે.

ખેલી ખેલાવી રહ્યો સારી રજની મોહનવર મનમાન્યો.
ચંપાતું બસ સર્વાંગે પરસ્પર! ધન્ય હો મારો દિવાનો!
રંગે રમે હાં! હાં! કહાનો,
મારી સંગે રંગે રમે હાં! હાં! કહાનો![50]

વંસીના સૂરને અનાહતનાદ સાથે સરખાવતા 'સાગર' 'નાચે' પદ દ્વારા શ્રીકૃષ્ણના રાસનું સુંદર ચિત્ર આ રીતે રજૂ કરે છે.

હું એ નાચું ને તું યે નાચે! નાચત સારી ધરૈયાં!
નાદ અનાહત વંસી બજૈયાં! કોટિ બ્રહ્માંડ ગજૈયાં!
કનૈયાજી નાચત થૈઈથૈઈથૈઈયાં. [51]

પોતાના પ્રેમયોગ દ્વારા પરમાત્મા સાથેની એકતાનો સ્વાનુભવ 'તારો મહિમા' પદ દ્વારા વ્યકત કરતા 'સાગર' કહે છે કે:

નેહ થતાં પ્રકટયો વિરહાગ્નિ! ઝંપ્યો સધરરસ પીધો[52]

'મહિયારી' પદ દ્વારા 'સાગર' ગોપીસ્વરૂપે મહીના દાણ તરીકે પોતાનું સર્વસ્વ અર્પણ કરી શ્રીકૃષ્ણ સાથેની પોતાની એકતાનો અનુભવ આ પ્રમાણે ગાય છે:

આલિંગી ઉર ઉરથી રસ સાગર. રોમેરોમે હરખાણું.
મહિયારી હું મતવારી![53]

'લે લે પરસ્પર કોલ' પદ દ્વારા પણ આ જ ભાવ જુદી રીતે વ્યક્ત થયો છે. જુઓ:

તું રસગોપી ને હું રસસાગર, લે લે પરસ્પર કોલ![54]

...........

[50]એજન, પૃ. ૪૧૩
[51]એજન, પૃ. ૪૧૬
[52]એજન, પૃ. ૪૧૯
[53]એજન, પૃ. ૪૪૩
[54]એજન, પૃ. ૪૪૪

'ખૂબ મચી' પદ દ્વારા પણ પોતાના પ્રિયતમ સાથેની એકતાનું નિરૂપણ છે. જુઓ:

તનમન આ મુજ મોહનમય છે. એમાં રચીપચી રે
રાધા દુલારી! પિયુ પ્રેમ સાગર! વૃત્તિ રતિમાં છડી રે!
આ સખિ ખૂબ મચી હો મચી રે![55]

શ્યામ વર્ણ હોવા છતાં પોતાને માટે તો એ રસિયો રૂપાળો છે. 'કાળો નથી!' એ પદ દ્વારા 'સાગર' ગોપીભાવે કહે છે કે,

લ્યો તો તમે, માડી! આપું આ નેણાં!, આંખોએ મારી નિહાળો!
કાલે મને વ્હાલે રંગે રમાડી. ધરણી હું, એ ધરવાળો![56]

પદો દ્વારા સૂફી પરિભાષામાં પરમાત્મા પ્રેમનું નિરૂપણ

સાગરે પોતાનો આત્માનુભવ, પ્રેમલક્ષણા ભક્તિ ઉપરાંત સૂફી પરિભાષાના આ પદો દ્વારા પણ, પરમાત્માને પોતાની સનમ માનીને 'નહીં રે ચૂકું' 'સનમનું નામ' 'જોગનિયાં' 'સલામ છે.' 'નાચ', 'બેરસલ્લાં' 'ધરવાળીનું ગીત' 'લાડીલાનું ગીત', 'ઠગણી' અને 'અડવાણે પાયે ન ચાલો' માં વ્યકત કર્યો છે.

.......

૫૫. એજન, પૃ. ૪૫૦.
૫૬ એજન, પૃ. ૪૫૦.

'સાગર'ની સનમ પ્રણવ-સ્વરૂપ પરબ્રહ્મ છે અને પોતાની સનમમાં જ તેમને દૃઢ શ્રધ્ધા અને અનન્ય પ્રીતિ છે, જુઓ:

વાતો વહેવારની તો મારે હરામ છે! ૐસનમ વિના દક્ષ નહીં રે ફૂંકું
મારે સનમ સાથે સાચો સંબંધ છે, સાગર! દિલ્દારને નહીં રે મૂકું.[૫૭]

'સનમનું નામ' પદ દ્વારા 'સાગર' સનમ પ્રત્યે પોતાની અનન્ય પ્રીતિમાં જ મોક્ષનું પરમપદ નિહાળે છે. એનું એક માત્ર સ્મરણ જ આનંદનો સાગર હૃદયમાં હલકાવે છે. જુઓ:

પ્રીતિ એ જ ભક્તિ અને પ્રીતિ એ જ જ્યોતિ!
પ્રીતિમાં મુક્તિનો મુકામ છે રે-
મારી સનમનું ૐ ૐ નામ છે.[૫૮]

પરમાત્મા પ્રત્યેની અનન્ય પ્રીતિથી જ હૈયું પ્રફુલ્લ બને, નવું જોમ, નવી મસ્તી પ્રાપ્ત કરે છે. જુઓ:

'હરિ!-હરિ!' ગાવત ખીલત હિરદા!
મોહે આવક નવજોબનિયાં!
અજી! મોહે આવત નવ-જોબનિયાં![૫૯]

પોતાને માટે 'સાગર' કહે છે કે:

જોગનિયાં - મૈં તો જોગનિયાં!
અજી! મોરે સનમકી મૈં જોગનિયાં!

............

[૫૭] એજન, પૃ. ૩૭૮

[૫૮] એજન, પૃ. ૩૭૯

[૫૯] એજન, પૃ. ૩૮૬

નિર્ગુણનાથકી સાગર સખિયન!

મૈ મતવારી સુહાગનિયાં!

અજી! મૈ મતવારી સુહાગનિયાં.[60]

ઇશ્કે હકીકી અને ઇશ્કે મિઝાજી ને અસલી ઇરાની દારૂ અને અંગ્રેજી પ્યાલીના અનુક્રમે રૂપકો આપતાં પોતે ઇશ્કે હકીકીના જ પુરસ્કર્તા છે એ જાહેર કરતાં 'સલામ છે.' પદ દ્વારા 'સાગર' સ્પષ્ટ કહે છે કે:

મારી માશૂક મને પાતી'દારૂડી'!

અસલી 'ઇરાની' નું જામ છે રે![61]

ઇશ્કે હકીકીનો પોતાનો સિધ્ધાંત સમજાવતાં શ્રીકૃષ્ણભકિતનું નિરૂપણ કરતા 'નાચ' પદમાં પણ'સાગર' કહે છે કે:

એક અનલહકક અલખ લખૈયાં! સાગર સૈયાં રીઝૈયાં![62]

પ્રેમ, પ્રેમાસ્પદ અને પ્રેમી-ત્રણેની એકરૂપતાનો પોતાનો અનુભવ વ્યકત કરતાં 'સાગર' 'બેરસલ્લા' પદ દ્વારા કહે છે:

હું જ શરાબ અજાયબ જાતે! નહીં દુલ્હન! નહીં દુલ્હા![63]

અનન્ય પ્રીતિયોગ દ્વારા પ્રેમી પોતે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે. એ સમજાવતા આ જ પદમાં'સાગર' કહે છે કે:

પીવા પધારે ધરે વણજોડયો, આપે અનલહકક અલ્લાહ![64]

'ઘરવાળીનું ગીત' પદ દ્વારા સૂફી 'સાગર' પોતાની'ઘરવાળી'નો પરિચય આપતા કહે છે:

ઉપમા તુ ને કોઇ આપી શકે ના!વેદો રહ્યા હારી હારી!

............

[60]એજન, પૃ. ૩૮૬

[61]એજન, પૃ. ૪૦૬

[62]એજન, પૃ. ૪૧૬

[63]એજન, પૃ. ૪૧૬

[64]એજન, પૃ. ૪૧૬

સાગરશાહ સૂફી ઘરવ્હોણા! મારે તો તું ઘરવાળી![65]

'સાગર' નો પોતાની સમન સાથેની ઐકતાનો અનુભવ (સ્થૂલ) શૃંગારમાં પરિણમે છે.

સુવરાવું સાગર સંગે સદાયે. થેઇ થેઇ નાચ નચાવું.[66]

પદોમાં કેટલીક વાર સંવાદાત્મક શૈલીમાં પણ પોતાની સનમ સાથેની ઐકતાનીઅભીવ્યકિત 'સાગર' વિશદ રીતે કરી શકયા છે:

મૂંગી શું ઉભી, ઓ મીઠી લૂંટારી! તારો લૂટયો છો લૂટાયો.
'હાં! હાં!' હસી મારી હંસી કહે -'હાં!' સૌથી સાગરિયો સવાયો![67]

'અડવાણે પાયે ન ચાલો'[62] પદ વ્દારા પણ સનમનો પોતાના પ્રત્યેના પ્રેમનું સંવાદાત્મક શૈલીમાં નિરૂપણ્ છે જુઓ:

ધરીએ જી! બાલાજોબન પર પર્દો- મ્હોશે કો ભગત રસાળો!
બોલ્યાં સનમ:-'જાઉં તેડું રીઝવવા સાગર વહાલામાં વહાલો'.[68]

સાગરે સનમના ઘરનું પ્રભાત 'દ દ દ', 'સવિતાનું પ્રભાત', 'તમારું ઘર' 'રામની રમ્યતા છે' અને 'ભકિતરાણી' પ્રભાતિયાં વ્દારા પણ પોતાના આત્માનુભવની અભિવ્યકિત કરી હોઇ પ્રભાતિયા વ્દારા પણ પોતાના તત્વજ્ઞાનના સિધ્ધાંતોનું વિગતે નિરૂપણ કર્યું છે.

<u>પ્રભાતિયાં વ્દારા આત્માનુભવની અભિવ્યકિત</u>

'સનમના ઘરનું પ્રભાત' પ્રભાતિયા વ્દારા સાગરે પિંડ બ્રહ્માંડની ઐકતાનો સિધ્ધાંત સમજાવતા કહે છે કે:

...........

[65] એજન, પૃ. ૪૪૪

[66] એજન, પૃ. ૪૩૬

[67] એજન, પૃ. ૪૪૭

[68] એજન, પૃ. ૪૪૭

પિંડ બ્રહ્માંડ આ એકનો મૂલમાં -
સ્થૂલમાં રૂપ જૂજવું જણાતું[69]

પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વાસનાક્ષય અને લિંગભંગ વિના અન્ય માર્ગ નથી. અને તે માટે સતત અભ્યાસ અને પ્રેમમાર્ગની આવશ્યકતા દર્શાવતાં 'સાગર' કહે છે કે:

સત અભ્યાસ વણ, પ્રે વૈરાગ્ય વણ-
જ્ઞાન ચૈતન્યઅમી ના પિવાતું,
બ્રહ્મ અણલિંગીનું પૂર્ણ પ્રાકટ્ય નહીં-
લિંગના ભંગ વિણ અનુભવાતું.[70]

પોતાના તમામ વૃત્તિઓનો એક મારા પરમાત્મામાં જ લય થાય તો જ જ્ઞાનના બ્રહ્માગ્નિથી દેહભાવ બળી જતાં, પરબ્રહ્મની સાથે એકતાનો સ્વાનુભવ પ્રાપ્ત કરી શકાય. એ સમજાવતાં 'સાગર' કહે છે કે:

એક કેન્દ્રાભિમુખ થાય રવિરશ્મિ ત્યાં-
જ્ઞાનના અનલનું બલ ગુણાતું,
એજ બ્રહ્માગ્નિથી દેહને બાળતાં
સહજ બ્રહ્માંડનું પાન થાતું.[71]

સૂફીવાદમાં ગુરુની આવશ્યકતાનો સ્વીકાર કરતા સાગર પણ પોતાની સનમનું ધામ પ્રાપ્ત કરવા માટે ગુરુને તન, મન અને સર્વસ્વનું અર્પણ કરવું જ જોઇએ, એ સમજાવતાં કહે છે કે:

...........

69 એજન, પૃ. ૩૫૦

70 એજન, પૃ. ૩૫૦

71 એજન, પૃ. ૩૫૦

ત્રિગુણપર તારિણી સનમ સાગર તણી,

ગુરુમુખે જાણી ધર પ્રીછી લેવું.[૭૨]

પૂર્ણપદની પ્રાપ્તિ માટે પ્રેમ અને જ્ઞાનનું અદ્વૈત સાધી મનનો એક માત્ર પરમાત્મામાં લય- મનોનાશ કરવાનો અનુરોધ કરતાં 'સાગર' સમજાવે છે કે પ્રેમ અને જ્ઞાન એ સ્થૂલ રવિના ઉષ્મા અને તેમજ ને સમરૂપ છે. જુઓ:

પ્રેમ ઉષ્મા અને જ્ઞાન એ તેજ છે,

વિલસતી સૃષ્ટિ સુરભાવવાની

\+ \+ \+

મન ભર્યું એ જ દ્વિજ, એ જ પૂર્ણતા-

તન મુવે મુક્તિ નથી પામવાની.

\+ \+ \+

ભક્તિને જ્ઞાન અદ્વૈતમાં આચરી-

મુક્તિની મોજે લે સેજ માણી[૭૩]

સૃષ્ટિનું સ્વરૂપ સમજાવતાં 'સાગર' સૃષ્ટિ અને તેના સર્જકની અભિન્નતા 'તમારું ઘર' પ્રભાતિયા દ્વારા આ રીતે દર્શાવે છે.

ત્રિગુણની પાર તું! કિન્તુ ત્રણ ગુણ ભર્યું-

ભાસ્ય કેવું દિસે આ રૂપાળું!

નાટ્ય, નાટક અને નટ રૂપે તું બને!

શૂન્યમાં કૃત્ય શું જાદુવાળું.[૭૪]

'રામની રમ્યતા' છે પ્રભાતિયા દ્વારા પરમાત્મપ્રાપ્તિ માટે અનન્ય પ્રીતિની આવશ્યકતા સમજાવતા 'સાગર' કહે છે કે :

...........

૭૨એજન, પૃ. ૩૫૦

૭૩એજન, પૃ. ૪૦૯

૭૪એજન, પૃ. ૪૧૦

પરખજે અલખને પ્રેમીલાં લોચને

જીરવી જ્યોત કૃતકૃત્ય થાજે.[75]

મનની દૃષ્ટિ અંતર્મુખ થતાં સુખ અને દુઃખથી પર સહજાવસ્થાનો આત્માનુભવ પ્રાપ્ત થાય છે. મનઃશમન માટે અનન્ય પ્રીતિભક્તિ વિના અન્ય માર્ગ નથી. 'સાગર' અજાતવાદના સિધ્ધાંત સાથે પોતાના પ્રેમધર્મનો સમન્વય કરતાં સમજાવે છે કેઃ

સુખ અને દુઃખ એ મન તણાં ભ્રમણ છે,

મનશમન એ ખરી જિન્દગાની:

સત-અસત ઉભયથી વસ્તુને પર જુવે-

સકલ સંશય ખુવે ભકતજ્ઞાની

\+ \+ \+

ભક્તિ કર, ભક્તિ કર, પ્રીત, આરત ધરી-

હરિ, ગુરુ, સન્ત પર ભાવ આણી;

ધ્યાનથી, માનથી, ભક્તિ અદ્વિતીયથી-

વેદનો ભેદ લેજે પ્રમાણી.[76]

ગરબી દ્વારા આત્માનુભવની અભિવ્યક્તિ

ધ્યારામની માફક સાગરે પરમાત્મા સાથેની એકતાનો પોતાનો સ્વાનુભવ અને તેનો આનંદ તેમજ તેમના તત્વજ્ઞાનના સિધ્ધાંતો તેમજ શ્રીકૃષ્ણભક્તિ 'યાદી', 'વિજોગણ', 'ઉપાસના', 'પ્રેમની સફળતા', 'અલખ ગુરુધામ', 'નારાયણ-નામ', 'જયજયકાર', 'ચેતવણી' અને 'પ્રેમી' અને લક્ષ્મી' જેવી ગરબીઓ દ્વારા વ્યકત કરી છે.

'યાદી' ગરબી દ્વારા 'સાગર' રાધાસ્વરૂપે પોતાની શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ વ્યકત કરતાં કહે છે કેઃ

............

[75] એજન, પૃ. ૪૧૧

[76] એજન, પૃ. ૪૧૨

ઓ સ્વામી! શાને કર્યો - સાગર ઘેર મુકામ ?
લોકડિયાં દુશ્મન ગણે - નિન્દે ગોકળિયું સારું ગામ-
ભૂલકણા! હો. ભૂલી ન જઇયે.[77]

હરિવિરહનું દર્દ વ્યકત કરતા વિજોગણ દ્વારા સાગર પોતાના હૃદયની દશાનું આબેહૂબ ચિત્ર આ રીતે રજૂ કરે છે:

જટાધારી જોગણ બનુ - પહેરું ભગવો વેશ-
જઇને પ્રીતમને મળું- મારી રગરગમાં ગોકુલેશ.
સખિ! કોઇ શ્યામ મિલાવે ?[78]

શ્યામના વિરહનો અગ્નિ એક માત્ર શ્યામની જ અનન્ય પ્રીતિને કારણે સતત પ્રેમસ્મરણ કરાવે છે, જુઓ,

હા! વિરહાગ્નિ વેઠવો - સાગરનું શું જોર ?
'પિયુ-પિયુ' જપતી કરી ગયો- હૈયુ હરી ગયો નંદકિશોર.
સખિ. કોઇ શ્યામ મિલાવે ?[79]

પ્રેમની સફળતા માં અનન્ય પ્રીતિયોગ દ્વારા ભકિતપ્રજ્ઞાનના અભેદ દ્વારા અહંપણાનો પરમાત્મામાં લય કરી પરબ્રહ્મ સાથેની એકતાનો સ્વાનુભવ 'સાગર' આ પ્રમાણે વ્યકત કરે છે.

પ્રીતિ પરાત્પર બ્રહ્મશું જોડી, તોડી તિમિરગઢ ન્યાલ થયો:
હરિ હરિ દેખે હું પણું છોડી, જીવિત અમરપુર વાસ વસ્યો
પ્રેમ સુફલ છે તે જીવનો, હાં![80]

દેહાભિમાન ક્ષીણ થતાં સુખ અને દુ:ખથી પર સહજાવસ્થાની પ્રાપ્તિનો પોતાનો સ્વાનુભવ વ્યકત કરતા'સાગર' કહે છે કે:

સુખદુ:ખ રાગવિરાગ પરો, હાં. દેહાભિમાન તમામ ગળયો:
ભવસાગર તરી પાર ખડો, હાં! મોજમઝા બ્રહ્મ માણી રહ્યો
પ્રેમ સુફલ છે તે જીવનો, હાં![81]

...........

77એજન, પૃ. ૩૮૩
78એજન, પૃ. ૩૮૦
79એજન, પૃ. ૩૮૦
80એજન, પૃ. ૪૧૫
81એજન, પૃ. ૪૧૫

સહજાવસ્થાનો પોતાનો અનુભવ 'અલખ ગુરુધામ' માં પણ સાગરે વ્યકત કર્યો છે. જુઓ:

નથી આવવું કે નથી જાવું રે—
નથી ત્યાગવું વા ન તજાવું રે—
અજી! પોતે પોતાના સમાવું. [82]

નામ, રૂપ અને ગુણથી પર પોતાના પરબ્રહ્મસ્વરૂપનો અનુભવ ગુરુએ આપેલી દૃષ્ટિ દ્વારા પોતાને પ્રાપ્ત થયો છે એ સમજાવતાં 'સાગર' કહે છે કે:

ફૂલી ફાલી દિસે બ્રહ્મવાડી રે,
વનમાળી તો આંખ આગાડી રે,
મારે ગુરુજીએ દૃષ્ટિ ઉઘાડી.
+ + +
ગુણ, રૂપ ને નામથી ન્યારા રે,
તો યે ગુણ, રૂપ નામ અપારા રે,
બ્રહ્મસાગર હરિ ૐકારા. [83]

પ્રેમાગ્નિ દ્વારા સર્વ કર્મો ભસ્મીભૂત થતા પરમાત્મા સાથેની એકતાનો અનુભવ પ્રાપ્ત થઇ શકે છે, એ સમજાવતા 'સાગર' કહે છે કે :

પ્રેમ પાવકે કર્મ પ્રજાળયું રે,
ઉર આપે ઉગ્યુ અજવાળું,રે,
ખુલ્યુ બ્રહ્મસાગર કેરું બારું.રે [84]

જયજયકાર માં ગરબી દ્વારા તત્વજ્ઞાનના સિધ્ધાંતોનું નિરૂપણ કરતાં સાગર પરબ્રહ્મ સગુણ નિર્ગુણથી પર સત સૂનમૂન ગણાવી,અંતે તો જીવશિવની એકતા પર જ ભાર મૂકે છે જુઓ:

હાંરે કોઇ કહે એ સગુણ છે: કહે કોઇ નિર્ગુણ,
અનુભવ ઉભય યથાર્થ, હાં. વસ્તુ સત સૂનમૂન.

...........

[82] એજન, પૃ. ૪૧૭

[83] એજન, પૃ. ૪૧૭

[84] એજન, પૃ. ૪૧૮

વાણી વિલાસ વિરામતાં, હાં! હાં! એક અનુપ.[૮૫]

જીવશિવની એકતાનો સ્વાનુભવ પ્રાપ્ત કરવા માટે બાહ્ય સાધનોને બદલે મનોનાશને એક માત્ર સાધન ગણાવતા 'સાગર' સ્પષ્ટ કહે છે કે મનને અમન કરવાનું લક્ષ્ય જીવાત્માએ પરમાત્મપ્રાપ્તિ માટે રાખવું અનિવાર્ય છે.

હાં રે - જપતપતીરથ કોઇ કહે: કોઇ આસનધ્યાન:
વિધ વિધ પ્રીત પિછાન, હાં. મન અમન નિશાન.[૮૬]

ઉપદેશપ્રધાન ચેતવણી ગરબી દ્વારા સાગર મનનું અમન કરવા માટે પુરુષાર્થ અને વૈરાગ્યને આવશ્યક ગણાવે છે, જુઓ:

પુરુષાર્થ વિના, માયામાં સૂતેલું મન નહીં જાગે:
વૈરાગ્ય વિના, સત્સંગતનો કાયમ રંગ ન લાગે.[૮૭]

અનન્ય પ્રીતિયોગ દ્વારા જગતને જગત્સ્વરૂપે બાહ્ય દૃષ્ટિનો લય થતાં જગત પરબ્રહ્મસ્વરૂપે અનુભવી શકાય છે. એ સમજાવતાં 'સાગર' 'પ્રેમી અને લક્ષ્મી' ગરબી દ્વારા કહે છે કે:

પ્રેમાગ્નિ ખરેખર જાગ છે,
જ્યાં હું ને મુજ એ ત્યાગે છે,
ભડ ભડ જગ આખું ય લાગે છે.[૮૮]

પ્રેમલક્ષણાભક્તિની તેમજ સૂફી પરિભાષામાં એમ ઉભય રીતે સાગરે ગઝલોમાં પણ પરમાત્મપ્રેમ ગાયો છે. પરમાત્મા સાથેની એકતાના ઉલ્લાસનું ને મસ્તીનું નિરૂપણ પણ ઉભય રીતે કરેલું જોઇ શકાય છે. પોતાના અભેદાનુભવનું નિરૂપણ શૃંગારની પરિભાષામાં ઉભય પ્રકારે સાગરે ગઝલોમાં પણ કર્યું છે. 'ગુડ મોર્નિંગ,' 'ચિદ્દ્ઘન,' 'ચૂપાચૂપ,' 'તોફાન,' 'દિલજાનને ઝનાને,' 'ગઝલ અટ્ટ રાંક નોકરનું,' 'અલખપુર,' 'હું બસી' અને 'અબાજી' જેવી ગઝલોમાં પરમાત્મા સાથેની એકતાનો સ્વાનુભવ છે.

...........

[૮૫] એજન, પૃ. ૪૨૨
[૮૬] એજન, પૃ. ૪૨૨
[૮૭] એજન, પૃ. ૪૨૭
[૮૮] એજન, પૃ. ૪૩૧

'ગુડ મોર્નિંગ' ગઝલમાં અભેદાનંદ વ્યકત કરતા 'સાગર' પોતાની સનમ સાથેની એકતાનો અનુભવ આ રીતે રજૂ કરે છે:

દુલ્હારી! ધન્ય હો યારી!
સુવાડયો છાતી પર તારી!
ચૂમું બસ દમ બ દમ પ્યારી! રમું ને ગાઉં - ગુડમોર્નિંગ![૮૯]

પરમાત્માથી પોતે ભિન્ન નથી એ સમજાવતાં 'સાગર' પોતાની સહજાવસ્થાનો અનુભવ આ રીતે વ્યકત કરે છે.

અહો! હો! હો! 'નથિંગ બટ વન'!
નથી સાગર મગર આત્મન!
સુમન સોરંગી નિર્વાસિન સનાતન હું જ ગુડ મોર્નિંગ.[૯૦]

ગેબી આંખડી વ્દારા સર્વ સ્થલે પરમાત્મદર્શન કરતા 'સાગર' સર્વવ્યાપકતાનો પોતાનો અભેદાનુભવ આ રીતે 'ચિદઘન' ગઝલમાં રજૂ કરે છે.

બન્યુ હર નેનમાં બિસ્તર-
બિછાવી ઇશ્કની ચાદર-
હું છું દિલદારને દિલબર - અમર હો રાજસેજલડી.[૯૧]

સનમ સાથેની એકતાનો ઉલ્લાસ શૃંગારપૂર્ણ બાનીમાં વ્યકત કરતાં 'સાગર' 'ચૂપાચૂપ' ગઝલમાં સ્પષ્ટ કહે છે કે:

હલે! તું તો અમરવેલી.
અધર રસ પાય બસ ઘેલી.
અહો! આનન્દ ગુણ કેલિ-છબીલી! તારી છતિયન પર.[૯૨]

પોતાની સનમ સાથેની એકતાનું નિરૂપણ કરતાં 'સાગર' સુંદર કલ્પનાચિત્ર રજૂ કરતાં કહે છે કે :

............

[૮૯] એજન, પૃ. ૩૬૧
[૯૦] એજન, પૃ. ૩૬૧
[૯૧] એજન, પૃ. ૩૬૪
[૯૨] એજન, પૃ. ૩૬૫

'લે બાંધુ અમ્મર રાખડી[?]—
હાં- બોલતા લાઝી પડી !
સહિયર શું સાગરશાહની—
નખશિખ સમાઇ – ગઇ ઉડી![93]

'તોફાન' ગઝલમાં એકતાની મસ્તીનું નિરૂપણ કરતી શૃંગારની પરિભાષાની બાની કેટલીક વાર શૃંગારની પરાકાષ્ઠાએ પહોંચતા ચોંકી ઉઠે તેવી હોય છે. જુઓ:

છાતીથી દાબી છાતડી.
જકડી ભીડી બન્ને બાકડી.
+ + +
અલી. ઓ છકેલી! કર્યો નગન!
નહીં નામ કહ્યું, ન કહ્યું વતન.[94]

'દિલજજાનને ઝનાને'માં વ્યકત થયેલો શૃંગાર મર્યાદા ઓળંગી જતો નથી. જુઓ:

અસલ લગાવું ઝાંડુ
છૂપાઇ જોઉં મુખડું!
અહા! બદન ઉઘાડ્યું – શી જ્યોત ઝળહળી છે![95]

હૃદયની વિશુધ્ધિ અને મનોનાશના સિધ્ધાંતો સમજાવતાં'ગઝલ આ રાંક નોકરનું' માં'સાગર' પોતાને માટે કહે છે કે:

ફકત મન મારવું જ ધરમ-
મરમ બીજો નથી માલૂમ-
મને તે શી કશી મોટમ? હુકમ હું તો ફકત પાળું
હૃદયને દમ બ દમ કસવું-
ખસે મેરૂં, ન પણ ખસવું –

...........

[93]એજન, પૃ. ૩૬૬

[94]એજન, પૃ. ૩૬૬

[95]એજન, પૃ. ૩૬૬

સફા દિલથી વતન વસવું - હજમ કરવું જ અજવાળું[96]

'અલખપુર'માં હૃદયનું વિશુધ્ધ અને જગતના માયિક સંબંધોના ત્યાગનો સિધ્ધાંત રજૂ કરતા 'સાગર' પોતાને માટે કહે છે કે:

હૃદય ફૂટી ઘૂંટી ભૂકો-
પીતાં લૂખો - અહા - સૂકો-
હું-તું-તે પર મૂકયો પૂળો - ન કો પ્યારી - ન કો પ્યારા[97]

પરમાત્મા સાથેની એકતાનો પોતાનો સ્વાનુભવ વ્યકત કરતા 'હું બંસી' ગઝલ દ્વારા 'સાગર' સ્પષ્ટ કહે છે કે તેમનાથી પરમાત્મા ભિન્ન નથી.

હું બંસી! હું જ બંસીધર! બજાવું ને બજું અધ્ધર -
સુણું ૐ કારની મહુવર - ઝીણું ઝીણું વાય ગેની સ્વર[98]

સનમ અને સાકી, પ્રેમ અને પ્રેમી - એવું કોઇપણ પ્રકારનું દ્વૈત આત્માનુભવ પછી સંભવતું નથી. પોતાનો અભેદાનુભવ વ્યકત કરતાં 'સાગર' કહે છે કે,

હું મહારાજા - તું મહારાણી-
અલિંગી લીલા રચ્યાં માણી -
અહા! વાણી શી નિર્વાણી - સદાશિવ હું - તું અંબાજી.[99]

સિધ્ધાંતમાં સાગરે સૂફીવાદ સ્વીકાર્યો હોઇ તે આત્માપરમાત્માની એકતાનો સ્વાનુભવ સૂફી પરિભાષામાં, વ્યકત કરતા કહે છે કે:

કહે 'જગ સૌ ભલે 'માજી!'
સૂફી સાગર કહે: ના - જી.
જપે નિજરૂપ હંસાજી - પ્રિયાજી - આપ અંબાજી. [100]

...........

[96]એજન, પૃ. ૩૬૮

[97]એજન, પૃ. ૩૬૯

[98]એજન, પૃ. ૩૭૦

[99]એજન, પૃ. ૩૭૧

[100]એજન, પૃ. ૩૭૧

ગુજરાતી સાહિત્યમાં કદાચ પરમાત્માની આદ્યશકિત અંબાજીને પોતાની સનમ માની પરમાત્મા સાથેની એકતાનો સ્વાનુભવ આ રીતે સૌપ્રથમ વ્યકત કરનાર આત્માનુભવી કવિ બીજા કોઇ થયા હોય તેમ હું માનતો નથી. જીવનાનુભવ નો સાચો ભણકાર એમાં સ્પષ્ટ સમજાય છે. નિજાનંદની મસ્તી વિના આત્માનુભવની આવી અભિવ્યકિત કરવાની નૈતિક હિંમત ભાગ્યેજ બીજો કોઇ કવિ બતાવી શકે.

'એક જાહેરખબર', 'બોધ', 'સિલકમાં શૂન્ય', 'જી હાં! લ્યો ચલવી લ્યો કાતિલ' 'પ્રલાપો પ્રેમીના દિલના' 'ન ભર, હાં દારૂ અંગ્રેજી' 'ગુન્હેગારી', 'લઝઝત', 'સૂફી કબરમાં સ્વપ્ન' 'ઇજન મૈં યારનું કીધું', 'મુબારક', 'સૌભાગ્યવંતીની ગઝલ' 'ગેરૂ સિલક રાખે નહીં', 'દિલદારનો દિલબર', 'સનમનો રાહ' અને 'બેતોનો બગીચો' જેવી ગઝલોમાં આત્માનુભવની મસ્તી અને બાહ્યાડંબર પરના કટાક્ષો છે અને સૂફી તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતોનું વિશદ નિરૂપણ છે.

પોતાના સ્વાનુભવની ખુમારી વ્યકત કરતાં 'એક જાહેરખબર' દ્વારા સાગર કહે છે કે:

નથી ગુરૂ યા નથી ચેલો:
નથી દાનો, નથી ઘેલો.
મગજથી દિલથી ફાટેલો - ન મળશો, હાં! બગડવાને.[૧૦૧]

આ દૃશ્ય પ્રપંચ માત્ર છાયા છે - ભ્રમ છે. વસ્તુતઃ તો જગત પરબ્રહ્મ સ્વરૂપ જ છે. જગતનું યથાર્થ સ્વરૂપ પ્રાપ્ત કરવું ખૂબ અઘરું છે. એ તત્વ સિધ્ધાંત રજૂ કરતાં 'સાગર' બોધ દ્વારા કહે છે કે:

નથી કાયા, નથી માયા:
બધી મારી જ છે છાયા:
છતાં, દસ લાખ સાગરિયાં - હિમાચલમાં ગયા હારી.[૧૦૨]

'સિલકમાં શૂન્ય' ગઝલ દ્વારા પોતાના સિધ્ધાંતો સમજાવતાં 'સાગર' સ્પષ્ટ કહે છે કે જગતને જોવાની સાચી દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી- જગતનું પરબ્રહ્મ સ્વરૂપે દર્શન થતાં દ્વૈતભાવ ચાલ્યો જાય છે. અને તે પછી સર્વત્ર અદ્વૈતાનુભવ પ્રાપ્ત થતાં

...........

૧૦૧ એજન, પૃ. ૩૭૪

૧૦૨ એજન, પૃ. ૩૭૫

માયાનો રંગ લાગી શકતો નથી, જુઓ:

સિલકમાં શૂન્ય છે બસ જ્યાં - તહાં શી ખોટ પડવાની.
અગર નથી દ્વૈત એ દિલમાં - પછી દુનિયા શી નડવાની?[103]

પોતાની અહંકારનો લય થતાં દેહાધ્યાસ ટળી જતાં જગતનો રંગ સાધકને લાગતો નથી, જુઓ:

પુરુષ પણું જ્ઞાનમાં ગાળ્યું -
હું એ જો હું પણું ટાળ્યું -
પૂરેપૂરું પોત જ્યાં બાળ્યું - શી આશા રંગ ચડવાની ?[104]

પોતાના અહંકારનો લય થતાં દેહાધ્યાસ ટળી જતાં અને પોતાની મનોબુધ્ધિ સમતા પ્રાપ્ત કર્યા પછી સર્વત્ર સર્વકાલમાં સર્વદા નામ, રૂપ અને ગુણથી પર સહજાવસ્થાનો અનુભવ પ્રાપ્ત થાય છે. પોતાનો અનુભવ વ્યક્ત કરતા સાગર કહે છે કે:

અગર જંગલ અને ઘરમાં-
મનોબુધ્ધિ રમે સરખાં.
ફરક નથી નારી ને નરમાં- સુરત શું કોઇ કરવાની? [105]

'જી હાં! લ્યો- ચલવી લ્યો કાતિલ' માં પોતાની પરમાત્મા સાથેની એકતાને પરિણામે સાગર મોતની પણ પરવા કર્યા વિના પોતાની જ મસ્તીમાં અને સનમની સાથેની એકતાના આનંદમાં જ મશગુલ બની રહે છે. જુઓ:

તને, સાગર, કરે શું મોત ?
નથી જેને હતું ને હોત —
સનમની જાગતી છે જ્યોત- જહાં ને, હાં! જલાવા દો.[106]

'પ્રલાપો પ્રેમીની દિલના' ગઝલમાં પોતાનો અનન્ય પ્રેમ સનમ વિના અન્ય કોઇ જાણી શકે તેમ નથી. એ હકીકતનું નિરૂપણ કરતાં સાગર પોતાની સ્થિતિનું ચિત્ર આ રીતે રજૂ કરે છે જુઓ:

...........

[103] એજન, પૃ. ૩૭૬

[104] એજન, પૃ. ૩૭૬

[105] એજન, પૃ. ૩૭૬

[106] એજન, પૃ. ૩૮૨

જિગર ઉત્સાહ સાગરશાહ-
ડૂબ્યું, હા! પ્રેમધર્મ પ્રવાહ-
ડૂબેલાં હોય તે જાણે - અગર બસ ॐ સનમ જાણે.[૧૦૭]

'ન ભર, હાં દારૂ અંગ્રેજી'માં પોતાની સનમને જૂનો દારૂ ઇરાનથી ખરીદવાની રજા આપતા- (ઇશ્કે હકીકીનું ☐) સાગર સૂફીવાદનો ફનાનો-આત્મ સમર્પણનો સિધ્ધાંત આ રીતે રજૂ કરે છે:

અરે જા! જા! ન ઘેલી થા.
ખુશીથી કર ખરીદી, જા!
ફનાનો છું હું મહારાજા - પુકારે તખ્ત સુલતાની![૧૦૮]

બાહ્યાડંબર પર કટાક્ષ કરતાં 'સાગર' 'ગુનેહગારી' ગઝલમાં, કર્મકાંડીઓની મશ્કરી કરતાં કહે છે કે,

ધર્યું તન શરીઅતે હિન્દુ-
ટીલે ઠપકે ન ચીતરવું.
જી હાં! જી! હાં! ન ઉચ્ચરવું- મહામોટી ગુનેહગારી![૧૦૯]

'લઝ્ઝત' ગઝલમાં પણ બાહ્ય કર્મકાંડને બદલે અનન્ય પ્રીતિયોગનું મહત્ત્વ સમજાવતાં 'સાગર' જડ કર્મકાંડીઓની ઠેકડી ઉડાવે છે. જુઓ:

અગર સંભાળ મયખાનું-
ન ફેંસી જાય તરખાણું-
જલદ જલ છાંટ સીસાનું! કરમ ના ઘૂસે અન્દર.[૧૧૦]

'સૂફી' ગઝલમાં સૂફીવાદના લગભગ બધા જ મુખ્ય સિધ્ધાંતોનું નિરૂપણ કરતાં 'સાગર' પ્રથમ પંક્તિઓમાં કહે છે કે:

જિગરની પાર જઇ વસવું - સનમને જાન સોંપીને-
અગર બસ દમ બ દમ હસવું - અસલ એ મુલ્ક સૂફી છે.[૧૧૧]

...........

૧૦૭ એજન, પૃ. ૩૯૭
૧૦૮ એજન, પૃ. ૩૮૮
૧૦૯ એજન, પૃ. ૩૯૨
૧૧૦ એજન, પૃ. ૩૯૫
૧૧૧ એજન, પૃ. ૪૦૧

આત્મસમર્પણનો- ફનાનો આ પ્રદેશ છે. પરમાત્માને પોતાની બધી જ ચિંતા સોંપી દઇને વર્તમાનમાં જ સનમની અનન્ય પ્રીતિમાં મસ્ત રહેનાર આશક જ સાચો સૂફી છે એ સમજાવી સાગર પોતાને માટે કહે છે કે:

સૂફીના સ્વાનુભવનો બહાર-
બધા યે શાસ્ત્રની પણ પાર-
અજી! સાગર! જવા દો યાર! અનિર્વચનીય સૂફી છે.[112]

કબરમાં સ્વપ્ન ગઝલ દ્વારા સાગર સનમ સાથેની પોતાની એકતા આ રીતે વ્યક્ત કરે છે.

દુલ્હારા! તારી છું હું તો - અહા! એ સુણતાં તો -
કબરમાંથી ઝડપ જાગ્યો - દિલે દિલ બસ દબાવ્યું.[113]

ઇજન મેં યારનું કીધું ગઝલમાં પોતાનો યથાર્થ પરિચય આપતાં સાગર પોતાને માટે કહે છે કે:

કબર-હાં- તારી, સાગર શાહ.
સનમના છે ઝનાનામાં-
અગર ચાલુ ઝમાનામાં- દીવાનામાં તું પહેલો છું.[114]

મુબારક ગઝલ દ્વારા લયલત-ઉલ-કાદરની- પરમાત્માના દર્શનની રાત્રિનો નિર્દેશ કરતાં સાગરે પોતે પરમાત્મા દર્શનનો પોતાનો સ્વાનુભવ વ્યક્ત કરતાં પોતાને આ રીતે મુબારકબાદી આપે છે.

અનલ હક્ક માલ બસ મોઘમ. હસન્તુ હર જગહ કાયમ.
સનમથી સ્મો, સનમ! સરદમ! મુબારક હો! મુબારક હો!
અજબ સાગર! છૂપો જાહિર! વિલસતો મોજની ખાતિર.
હંમેશા લેબ-તુલ - કાદિર! મુબારક હો! મુબારક હો![115]

...........

[112] એજન, પૃ. ૪૦૧
[113] એજન, પૃ. ૪૦૨
[114] એજન, પૃ. ૪૦૩
[115] એજન, પૃ. ૪૨૩

સૌભાગ્યવંતીની ગઝલમાં પ્રેમલક્ષણા ભકિતનું નિરૂપણ કરતાં શ્રીકૃષ્ણ પ્રત્યેની અનન્ય પ્રીતિને કારણે હૃદયમાં પ્રકટેલું દર્દ સાગર આ પ્રમાણે રજૂ કરે છે.

હા! એક દિન હતી નાનડી-

પિયુપ્રેમને ના જાણતી.

પણ આજ તો બસ છાતડી ગજવી રહ્યો નટ નાગરો.[116]

પોતાને પરમાત્મા પ્રેમની પ્રાપ્તિ થયા પછી ધન્ય ગણતા સાગર રાધા સ્વરૂપે કહે છે કે:

સૌભાગ્યવન્ત હું સન્તજી! જીવન બન્યું મુજ અમીઝરો.

સૂતી સોડમાં લઇ કન્થજી! ના ના કરું પળ પણ પરો.[117]

અનન્ય પરમાત્મા પ્રત્યેની પ્રેમની મસ્તી જગત પ્રત્યે લાપરવાહી જન્માવે છે. જગતની એવી પરવા આવી ખુમારીવાળી વ્યકિતઓને કદાપિ હોતી નથી. ગેરુ સિલક રાખે નહીં. ગઝલમાં સાગરની આવી ખુમારીનું સ્પષ્ટ દર્શન થાય છે. જુઓ:

તૂટે ગગન શિર પર ભલે!

શૂરો સિપાહી નહીં ચળે-

ઘરબાર છો ભડભડ જળે- નાચું છું પી નાગો થઇ.[118]

સિધ્ધાંતમાં સાગર બાહ્ય સંન્યાસનો સ્વીકાર કરતા નથી પરંતુ મનની વૃત્તિઓને અંતર્મુખ કરનાર બાહ્ય દૃષ્ટિનો લય થતાં અભેદાનુભવ પ્રાપ્ત થઇ શકે છે એટલે જો અંદરનો ત્યાગ સાચવી શકાય તો સાગર બાહ્ય ત્યાગને અનિવાર્ય લેખતા નથી, એટલે બાહ્ય ત્યાગનો કટાક્ષ કરતાં સાગર કહે છે કે:

સાગર! સિરહ સાગર રહ્યા ?

પુરી, તીર્થ, ગિરિ કાં ન બન્યા?

આ નવજવાનો હિન્દના ગેરુ સિલક રાખે નહીં.[119]

...........

[116]એજન, પૃ. ૪૪૫

[117]એજન, પૃ. ૪૪૫

[118]એજન, પૃ. ૪૪૮

[119]એજન, પૃ. ૪૪૮

'દિલદારનો દિલબર' ગઝલમાં સાગર પોતાને માટે કહે છે કે સનમ સાથેની એકતાનો અનુભવ કરતા દર્દનું નામોનિશાન રહેતું નથી. જુઓ:

હું તો દિલદારનો દિલબર- દરદ, હાં! હાં! મને કેવું ?
સનમની સોડમાં બિસ્તર- દરદ, હાં! હાં! તહાં કેવું?[120]

તેનું કારણ દર્શાવતાં સાગર કહે છે કે પોતાની જાતને જોવાની દૃષ્ટિ બદલાતા કશું જ પરમાત્માથી ભિન્ન સ્વરૂપે લાગતું ન હોવાથી સુખ અને દુઃખને એક સરખા જોવાની દૃષ્ટિ મને પ્રાપ્ત થઇ છે, જુઓ:

બિછાવ્યું ચશ્મ દિલબરનું-
મને જડ્યું જ્યાં અજબ જાદૂ-
જગત એમાં રસી લીધું - નથી નથી કૈં દરદ જેવું.[121]

'બેતોનો બગીચો' માં સાગર ગોપીઓ અને કૃષ્ણની એકતાનું નિરૂપણ કરતાં પોતાને માટે કહે છે કે:

હમ ભી ગોપી. તુમ ભી ગોપી! નાચ નચાવે તો હિ કનૈયા!
હમ હિ કનૈયા! તુમ હિ કનૈયા! સ્નેહ કે સૈયા સબ હિ કનૈયા![122]

'સાગર' પોતાને માટે કહે છે કે:

નથી હું નામીચો શાએર! નથી ભગવાં અગર વસ્તર!
સનમ! તે શું દીઠું હું માં ? ફિદા થઇ આ ફકીરી પર ?

\+ \+ \+

માશૂક શી તરકીબથી લબ પર લબો ગૂંથી રહી!
અય! હું સનમ કે તું સનમ! બસ બોલ! કાં બોલે નહીં?[123]

બાહ્ય કર્મકાંડ ઉપર કટાક્ષ કરતાં સાગર કર્મકાંડ કરતા પ્રેમયોગની વિશેષ મહત્તા સમજાવતાં કહે છે કે:

...........

[120] એજન, પૃ. ૪૪૯
[121] એજન, પૃ. ૪૪૯
[122] એજન, પૃ. ૪૫૭
[123] એજન, પૃ. ૪૫૮

કાશી સિધાવો, શાસ્ત્રીજી! જઇ ધામ ચારે આવજો!
પણ દૂર! હા! બસ! દૂર! મયખાનુ રખે અભડાવશો![૧૨૪]

તેનું કારણ સમજાવતાં સાગર સ્પષ્ટ કહે છે કે માત્ર શાસ્ત્ર ગ્રન્થોના અધ્યયન કે બાહ્ય યાત્રાપ્રવાસની અનન્ય પ્રીતિયોગના સાધકને માટે આવશ્યકતા નથી. કારણ કે તે પરમાત્માની સાથે હંમેશા એકતા જ અનુભવે છે. જુઓ.

સીસો શરાબી પાસ છે, તો કોણ જાત્રાઓ કરે ?
બસ ગોદમાં દિલદાર છે. તો કોણ પોથીઓ પઢે![૧૨૫]

સનમ સાથેના તાદાત્મ્યનો અનુભવ કરનાર બંધ અને મોક્ષથી પર રહે છે. પોતાનો અનુભવ દર્શાવતાં સાગર કહે છે:

રે! બંધની યા મોક્ષની હમને ભલા શેની ખબર ?
છે હાથમાં પ્યાલી શરાબી! હાથ છે દિલદાર પર![૧૨૬]

આશા અને નિરાશા બંને આશક જિગરને માટે એક સરખાં હોય છે એ સમજાવતાં સાગર પોતાને માટે કહે છે કે:

આશા નિરાશાથી પરા! છે ફકકડોને શી ફિકર?
ફરતા ફરે બસ મોજમાં, દિલદાર! તારા નામ પર![૧૨૭]

સનમનો રાહ ગઝલમાં સૂફી માર્ગ આત્મસમર્પણનો માર્ગ છે. એ સમજાવતાં સાગર કહે છે કે:

ખપી જવું પ્રેમમાં તારા, સમર્પણ એ હમે કહીએ:
દફન થવું શેરીમાં તારી, હમારું સ્વર્ગ એ કહીએ.

\+ \+ \+

ચરણ ચૂમતાં કપાવ્યું શિર, સનમના પ્રેમની ખાતર
સમર્પણ એ હમે કહીએ. પરાભકિત જ એ કહીએ.[૧૨૮]

............

[૧૨૪] એજન, પૃ. ૪૫૮

[૧૨૫] એજન, પૃ. ૪૫૯

[૧૨૬] એજન, પૃ. ૪૫૯

[૧૨૭] એજન, પૃ. ૪૫૯

[૧૨૮] એજન, પૃ. ૪૬૧

પ્રેમથી પ્રભુ ભિન્ન નથી. પોતાનો આ અનુભવ વ્યકત કરતાં સાગર કહે છે કે:

પીધું જે જ્યોતિ પ્રીતિનું નિરંજન નેતિ નેતિ નું:
ખરેખર વેદના સોગન- પ્રભુ એ એ હમે કહીએ. [129]

સનમનો રાહ સમજાવતાં સાગર પોતાને માટે કહે છે કે:

દીવાનું ઘેલું તુજ પ્રેમી! ત્વદર્પિત પ્રાણતનમનધન:
ગુલામી કાયમી તારી, સનમનો રાહ એ કહીએ. [130]

સૂફીઓની ઉર્દૂ શાયરોમાં સાગર આત્મસમર્પણનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે:

મારી કબર પર લેખ આ બસ લોહીથી જ લખાવજો!
કે મોત તો બહાનું હતું! એ તો હરિવિરહે મુવો! [131]

આત્મસમર્પણ દ્વારા પરમાત્મા સાથેની એકતાનો અનુભવ થાય છે એ સમજાવતાં સાગર કહે છે કે:

લાવી ફનાના મહેલમાં માણે મને મારું સનમ!
ચશ્મે તખ્ત પર દમ બ દમ, હાં! પ્રેમ સાગર છો સનમ! [132]

અનન્ય પ્રીતિના અગ્નિમાં સર્વ ભસ્મીભૂત થતાં એક માત્ર પરમાત્માનો વિશુધ્ધ પ્રેમ જ બાકી રહે છે. પોતાનો અનુભવ સમજાવતાં સાગર કહે છે કે:

પ્રેમાગ્નિ અગ્નિ એવો દરિયાવે જળી જાય!
તણખો ઊઠે પથરમાં, પથરો યે જળી જાય! [133]

~~આશક જિગરને અનન્ય પ્રીતિયોગને આત્મસમર્પણ દ્વારા પરમાત્માનું સર્વવ્યાપક દર્શન થાય છે. સાગરે પણ પોતાનો અનુભવ છેલ્લી પંકિતઓમાં રજૂ કર્યો છે:~~

~~હસ્તીમાં હરદમ દીપે ઝળકો સનમ સરકારનો;~~
~~સાગર ગગર ગાજી રહ્યો, હાં સૂર શો ૐકારનો.~~ [134]

...........

[129] એજન, પૃ. ૪૬૧
[130] એજન, પૃ. ૪૬૧
[131] એજન, પૃ. ૪૭૯
[132] એજન, પૃ. ૪૮૦
[133] એજન, પૃ. ૪૭૭
~~[134] એજન, પૃ. ૪૮૭~~

આશક જિગરને અનન્ય પ્રીતિયોગને આત્મસમર્પણ દ્વારા પરમાત્માનું સર્વવ્યાપક દર્શન થાય છે. ‘સાગરે’ પણ પોતાનો અનુભવ છેલ્લી પંક્તિઓમાં રજૂ કર્યો છે:

હરચીઝમાં હરદમ દીપે ઝળકો સનમ સરકારનો,
સાગર અગર ગાજી રહ્યો, હાં સૂર શો ૐકારનો.[૧૩૪]

‘સનમને ઇજન’, ‘ગુલાબી ગઝલ’, ‘અધર પ્યાલે અડાડીને’, ‘સૂતો છું કેફમાં પીને’, ‘અગર શો વાંક સાગરનો?’ ‘ડીયર ઓ યસ કમોન’ ‘હઠીલી માશૂક’ ‘તમે તો છો સનમ સરકાર’, ‘હૃદયવેલી’ ‘પધરામણી’ ‘જળી ગઇ હાં જહાં આખી’ ‘રોશની’ ‘કુદરતના મહેમાન’ ‘તારી દિલબરી’ ‘વાહ, વાહ સૂરત અનલહકક’ અને ‘હા! હા! હા!’ જેવી ગઝલોમાં સૂફી પરિભાષામાં આત્માનુભવની શૃંગારપૂર્ણ અભિવ્યક્તિ છે.

‘સનમને ઇજન’ ગઝલમાં સનમ સાથેની એકતાનું નિરૂપણ ‘સાગરે’ આ રીતે કર્યું છે:

મળ્યાં એકાન્તમાં, પ્યારી!
ગૂંથાયાં બાથમાં મારી —
ગુમાવી આબરુ સારી– હવે શું મોં છૂપાવો જી![૧૩૫]

‘સાગર’ ની અભિવ્યક્તિમાં કેટલીક વાર શૃંગાર મર્યાદા ઓળંગી જાય છે.

જૂઠાં ગુલ ને જૂઠી પ્યાલી!
ગરેરી શી ધરે ખાલી–
લબ ચુમ્બતાં, વ્હાલી! તમે ખુશબો વહાવો જી![૧૩૬]

એકતાની મસ્તીનું નિરૂપણ કરતાં ‘સાગરે’ ‘ગુલાબી ગઝલ’ માં આ પ્રમાણે કર્યું છે:

ખુમારી છે શી આંખડીએ.
શરાબી રંગ ચૂંદડીએ.
ભભક મખમલની છાતડીઓ – શી ભાતીગલ ગુલાબી છે![૧૩૭]

...........

૧૩૪ એજન, પૃ. ૪૮૦

૧૩૫ એજન, પૃ. ૩૯૩

૧૩૬ એજન, પૃ. ૩૯૩

૧૩૭ એજન, પૃ. ૩૯૪

પ્રેમના જામની મસ્તીનું નિરૂપણ કરતાં "અધર પ્યાલે અડાડીને"માં નાટયાત્મક સંવાદ દ્વારા સાગર કહે છે કે:

અધર પ્યાલે અડાડીને - ભલા શું મશ્કરી ધારી ?
અગર મસ્તી ચખાડીને - શું પાછું ફેરવો, પ્યારી? [138]

ઐક્યની મસ્તીનું નિરૂપણ ખાસ ધ્યાન ખેંચે છે.

સલૂણાં! હસી જાવા દો:
સનમ! ગોદે લપાવા દો:
દિલેદિલ બસ દબાવા દો - સબૂરી ના રહે મારી! [139]

સનમના પ્રેમના જામની મસ્તીનું નિરૂપણ કરતાં સૂતો છું કેફમાં પીને ગઝલમાં પણ સાગર ની અભિવ્યકિત સચોટ બને છે. જુઓ:

સૂતો છું કેફમાં પીને! તું હિ તું હિ બસ નજર આવે:
સનમ! આ દિલ શરાબીને, વિના તું કોણ બહલાવે ? [140]

'અગર શો વાંક સાગરનો' ગઝલ દ્વારા પોતાનું સર્વસ્વ સમર્પણનું બયાન કરતાં સાગર સનમને પોતાની ~~[illegible]~~ કરવાની આરઝૂ વ્યકત કરતાં કહે છે કે:

દીધાં, દિલદાર! તમમનધન-
કુટી બાંધી રહ્યાં મધુવન!
ઉભા સૌ સાક્ષી જડચેતન- શું તો યે આપ પરહરશો.? [141]

આ પછીની પંકિતઓમાં સાગર સનમ સાથેના ઐક્યનો પોતાનો અનુભવ વ્યકત કરતાં પોતાને માટે કહે છે કે:

નવું ગાણું અનલહકકનું-
તમે ગાતા હતાં, બાનુ!
જિગર- અફસોસ - એ લહાણું - અગર હાં! હોય સાગર શો ? [142]

'ડીયર ઓ યસ કમોન' ગઝલમાં સાગરની અભિવ્યકિત શૃંગારની પરાકાષ્ઠા પ્રાપ્ત કરે છે. તે સાથે તેમાં ભાષાનું વિચિત્ર મિશ્રણ અને સંગીતક્ષમતા પણ તેને પ્રાપ્ત થાય છે. સાગર ની આત્માનુભવની મસ્તી આ ગઝલમાં ચરમ સીમાએ પહોંચે છે:

...........

[138] એજન, પૃ. ૩૯૬
[139] એજન, પૃ. ૩૯૬
[140] એજન, પૃ. ૩૯૭
[141] એજન પૃ. ૩૯૮ [142] એજન પૃ. ૩૯૮

ડિયર ઓ યસ- કમોન. યસ યસ. સનમ હસતી શું ખડ ખડ ખડ!
લગાયો દિલની તૂટે બસ- તને જોતાં જ તડ તડ તડ! [૧૪૩]

શૃંગારની પરિભાષામાં આત્માનુભવનું આવું નિરૂપણ કદાચ મસ્તરંગના કવિઓમાં 'સાગર' સિવાય બીજા કોઇ કવિએ કર્યું નથી. જુઓ:

મળ્યાં જુગ જુગ ભમી આખર-
બિછાવ્યું એકઠું બિસ્તર.—
છતાં યે દૂર શું દિલબર- જલાવે આગ ભડ ભડ ભડ! [૧૪૪]

ગઝલમાં સંગીતક્ષમતા 'સાગર'ની ગઝલોનું વિશિષ્ટ લક્ષણ હોઇ આ ગઝલ તેનો આબેહૂબ નમૂનો પૂરો પાડે છે:

સનમ આ બેકદરદાની.—
જશે જો આશકો જાણી-
ના કરશે કોઇ દિલજાની - તને કહેશે: નફટ! ફટ ફટ! [૧૦૫]

સનમ સાથેની એકતાનું નીચેની પંક્તિઓમાં 'સાગરે' કરેલું નિરૂપણ કદાચ સૌથી વધુ શૃંગારપૂર્ણ છે, જુઓ:

હતું તે સૌ કર્યું હાજર-
દિલે ખુલ્લો ફરે સાગર,
અગર, શું આ ખૂચે ચાદર! ચીરી દઉં તે ય ચડ ચડ ચડ! [૧૦૬]

'હઠીલી માશૂક' ગઝલમાં સનમ સાથેની પોતાની એકતાનો અનુભવ વ્યક્ત કરતાં 'સાગર' કહે છે કે:

સનમ! તે દિન હિમાચલમાં-
ગુલાબી ચીર ગૂંથાયાં-
બદન બદને જ ગૂંથાયાં- પરસ્પર શાં થયાં પાવન! [૧૪૭]

............

[૧૪૩] એજન, પૃ. ૩૯૯

[૧૪૪] એજન, પૃ. ૩૯૯

[૧૪૫] એજન, પૃ. ૩૯૯

[૧૪૬] એજન, પૃ. ૩૯૯

[૧૪૭] એજન, પૃ. ૪૦૦

પોતાની સનમને પણ પોતાના પ્રત્યે અનહદ પ્રેમ છે એ જાહેર કરતાં 'તમે તો છો સનમ સરકાર' ગઝલ દ્વારા સાગર કહે છે કે:

મગર, હાં કોણ આ ગાતું-
બજાવે બિન મદમાતું ?
સુણાતું ગીત જાણીતું- તું સાગરશાહ હમારો યાર![148]

'હૃદય વેલી'માં પ્રેમની મસ્તીનું નિરૂપણ છે, જુઓ:
મળ્યું - હાં! પ્રેમ આલંબન—
દિસે તલ્લીન શાં તનમન.—
વિકસતું મસ્ત શું જોબન- શરમને બાજુએ મેલી.[148-અ]

'પધરામણી' ગઝલ દ્વારા હુચત અનલહકકની ધૂન મચાવતી દિલદાર નવું જીવન આશક જિગરને અર્પે છે. તેનું નિરૂપણ કરતાં સાગર પોતાનો સ્વાનુભવ આ પ્રમાણે વ્યકત કરે છે:

ચશ્મ ધૂન મચાવતી 'હુચત અનલહકક'ની.
દિલ અગર એ તેગ પર આશક કપાવે છે.
હાથમાં દઇ હાથને લબથી લબો ગૂંથી-
ઘૂંટડા આબેહયાતીના ભરાવે છે.[149]

'જળી ગઇ હાં! જહાં આખી!' ગઝલમાં નિજાનંદની ખુમારી અને મસ્તીનું નિરૂપણ છે.

જળી ગઇ હાં! જહાં આખી- ચિલમ ભર ઔર સુલ્ફાકી
અગર અહવાલ કહું બાકી- દિલાવર યાર ચચ સાકી![150]

સનમ સાથેની એકતા અંતે પ્રાપ્ત થઇ છે. એ પોતાની સ્થિતિનું નિરૂપણ કરતાં સાગર શૃંગારની પરિભાષામાં કહે છે કે:

...........

148 એજન, પૃ. ૪૦૪
148-અ એજન, પૃ. ૪૦૫
149 એજન, પૃ. ૪૧૩
150 એજન, પૃ. ૪૧૪

ખસેડી છાતીનો પરદો, ઢળે કર, હા! દિલે અડતો!
પતાવ્યો દિલ્બરે ઝઘડો જીવાડી મુર્દદીલ બાકી.
અહા! લવલીન બનાવીને, ઘુમાવી દિલ દબાવીને-
મને, હા! હા! થકાવીને, દુલારી! તું ય ગઇ થાકી.[151]

સનમની કૃપાના પોતે અધિકારી બન્યા છે એ સમજાવતાં સાગર કહે છે કે:

વીતાવ્યું મેં ગઝબ, દિલ્બર! મગર ના ના ભૂલી પળભર!
અગર આ ફિદવી સાગર પર અમીભર રહી નઝર નાંખી.[152]

પોતાનો અભેદાનુભવ વ્યકત કરતાં સાગર કહે છે કે:

જોતા પરસ્પરને અસલ-અખિયાં લખે ગેબી ગઝલ!
ગૂથ્યાં, જી હાં! બસ દિલ બ દિલ! પ્લાટ આવ્યું બાથમાં.[153]

પ્રેમસમાધિ દ્વારા હુંપણાનો લય થતાં આ અનુભવ પ્રાપ્ત થઇ શકે છે એ સમજાવતાં સાગર કહે છે કે:

તલ્લીન સમાધિ જામતાં ઘડી બે ઘડી, હા! લેટતાં-
ગર જાગતાં હું- હું જ કયાં ? મળી ગઇ પરી આ રુહમાં![154]

પોતાનામાં જ નખશિખ સનમ સમાયેલી છે અને સર્વત્ર અનુભવાતા પોતાના અજબ દર્શનનું નિરૂપણ કરતાં સાગર કહે છે કે:

કોને કહું આ તાઝુબી? ચુપચુપ હસે શી અજાયબી!
જયાં જોઉં ત્યાં તારી છબિ બસ મુજ સદર લિબાસમાં![155]

પોતાનું સર્વવ્યાપક દર્શન આ રોશની ગઝલની છેલ્લી પંકિતઓમાં સાગરે આ રીતે રજૂ કરેલું છે:

...........

151 એજન, પૃ. ૪૧૪
152 એજન, પૃ. ૪૧૪
153 એજન, પૃ. ૪૨૦
154 એજન, પૃ. ૪૨૦
155 એજન, પૃ. ૪૨૦

દિલબર ભરી-હાં- સર ખ સર! વાતી અનલહકક હર લહેર.
લલકારતું ઘર ઘર ઉપર સાગર અગર અલ્હકક હું માં! [૧૫૬]

તારી દિલભરી ગઝલમાં સાગર પોતાનું સમસ્ત અસ્તિત્વ એક માત્ર સનમ પર જ અવલંબે છે એ હકીકત રજૂ કરે છે:

દિલબર અયે! મુજ, નેણ તું, મુજ પ્રાણ તું, મુજ વાણ તું,
આ પ્રાણનો પણ પ્રાણ તું, તું વણ હું પંગુ આંધળો. [૧૫૭]

પોતાનો સ્વાનુભવ શૃંગારની પરિભાષામાં સાગર કહે છે:

લપટયાં પરસ્પર તનબદન! પાબ્યું વચન થઇ મનગમન!
ચૈપાય દિલબર ખુશવદન! આફતાબ દિલ પર ઝળહળયો! [૧૫૮]

સંવાદાત્મક શૈલીમાં સાગર પોતાની સનમની પોતાના ઉપર પણ અગાધ પ્રીતિ છે એ હકીકત રજૂ કરતાં કહે છે કે:

લબ ચુમ્બતી અમી એ વહે, સાગર! ગઝલ તુજ બહુ ગમે-
પ્યારા! અગર પળભર તને ના ના કરું કદી વેગળો. [૧૫૯]

સાગરે ભવ્ય કલ્પના દ્વારા પોતાની સનમ સાથેની એકતાનું વાહ! વાહ! સૂરત ગઝલ દ્વારા સૂચન કર્યું છે:

હું લપ્યો પ્રિયાની પાંખમાં! પીતો અમી મૃદુ આંખમાં!
હાં! હાં! જહાં ભણી ઝાંખ મા! ન ઉપાડ નેનાં પલકભર. [૧૬૦]

પોતાની આ કલ્પના માત્ર કલ્પના નથી, સ્વાનુભવ છે, એનો છેલ્લી પંકિતઓમાં સાગર નિર્દેશ કરતાં કહે છે કે:

ચશ્મે પરોવી રહી ચશમ! સાગરા સુફલ મારો જનમ!
દિલદાર ખાય સખત કસમ: ના ના જીવું તારા વગર! [૧૬૧]

...........

[૧૫૬] એજન, પૃ. ૪૨૦
[૧૫૭] એજન, પૃ. ૪૩૮
[૧૫૮] એજન, પૃ. ૪૩૮
[૧૫૯] એજન, પૃ. ૪૩૮
[૧૬૦] એજન, પૃ. ૪૪૦
[૧૬૧] એજન, પૃ. ૪૪૧

'અલ્હકક' ગઝલમાં 'સાગર' ના સ્વાનુભવની પરાકાષ્ઠા છે. જુઓ:

અય જલ! પવન! પહાડો! ગગન! સુણીએ પરસ્પરનું વચન:
સાગર સનમ ગૂથ્યાં બદન- અળગાં થવું ના ના પલક![162]

પોતાની નિર્વિકાર નિર્વાસન દશાનું રૂપક દ્વારા નિરૂપણ કરતાં 'સાગર' કહે છે કે:

અગર, જોબન! તમારે ઘેર-
નવસ્ત્રો નાચતો સાગર-
ન કહેશો કોઇને, દિલબર! હસે દિલદાર ! હા! હા! હા![163]

'હા! હા! હા!' ગઝલ દ્વારા પોતાની સનમ સાથેની એકતાનો સંપૂર્ણ સ્વાનુભવ વ્યકત કરતા 'સાગર' ખુમારીથી કહે છે કે:

ઉજવીએ અશ્વમેધ જગન!
મચી રહ્યું વેદનું ગર્જન!
રસે વિલસે- હસે પ્રસન! હરિ હોમાય! હા ! હા! હા![164]

## દિવાને સાગર દફતર:૨

'દીવાને સાગર, દફતર-૨ નાં પદો, ગરબી, ગઝલો ઇત્યાદિમાં 'સાગરે' પરમાત્મા સાથેની પોતાની એકતાનો એક નાનો સ્વાનુભવ લાગલાગટ (૧૯૧૬-'૩૬) એકવીસ વર્ષ સુધી ગાયો છે.

સૂફીવાદની ઇશ્કે હકીકી ની અંતિમ દશા મારિફત કે જ્ઞાન માર્ગની કૈવલ્ય સ્થિતિ પ્રાપ્ત કરવા માટે 'સાગર' પ્રેમ-ધર્મ (જેને તેમણે સ્નેહયોગ કે સર્વોપરી સ્નેહ કહ્યો છે)[165] અને અનન્ય માર્ગ તરીકે ગણાવે છે. પોતાના સ્નેહયોગના વિશિષ્ટ લક્ષણો દર્શાવતાં આત્માનુભવી 'સાગરે' હૃદયની વિશુધ્ધિ કના - આત્મસમર્પણ, પરમાત્મ પ્રેમની અનન્યતા- વાસના ક્ષય - મનોનાશને

...........

[162] એજન, પૃ. ૪૪૧
[163] એજન, પૃ. ૪૫૧
[164] એજન, પૃ. ૪૫૧
[165] "સાગરની પત્રરેખા" પૃ. ૧૦૮-૧૦૯

અત્યંત આવશ્યક ગણાવ્યા છે. એ આપણે વિગતે જોઇએ.

પ્રેમલક્ષણાભકિતના 'સાગર'ના અનેક પદોમાં પોતાના આત્માનુભવને પરિણામે પ્રગટેલી પ્રેમની મસ્તીનું દર્શન થાય છે. 'ભકિત અમારે તો જોઇએ!' માં ભકિતની મહત્તા ગાતાં 'સાગર' પોતાની મસ્ત દશાનું નિરૂપણ કરતાં કહે છે:

ઘેલાં- છકેલાં છીએ, હાં! હાં! છબીલા!
પાયો અમર રસ રસીએ!
ઉધ્ધવજી. ભકિત અમારે તો જોઇએ! [166]

પ્રેમલક્ષણા ભકિત દર્શાવતાં 'કોઇ શું બુઝે જડી બુટી?' પદમાં રાધાભાવે 'સાગર' પ્રેમની મસ્તીનું નિરૂપણ કરતાં કહે છે:

ઘડી ઘડી ઉઘડી જતી છાતલડી!
કેફો ચડી ઉંડી ઉંડી. [167]

અવળવાણીનાં પદોમાં 'ચકર ચકર ગુરુ ઘનચકકર'માં પ્રેમની મસ્તીનું આલેખન સચોટ છતાં વેધક બન્યુ છે, જુઓ:

અય પરમેસર! કસમ હૈ તુમકો,
હમારી મ્હડીઆં ના આના!
ભૂલા ચૂકા આય ચડો તો,
નગન નગન દિલ બહલાના! [168]

હરિવિરહનું દર્દ પ્રેમમાર્ગના પ્રવાસીઓ માટે આવશ્યક છે એ સમજાવતાં 'ઝખમ જિન લગ્યા લગ્યા હો! જી.' માં 'સાગર' કહે છે:

બેટા કિસ્કા હૈ પરમેસર?. લે ગુરુગમકી ગુંજ!
ઔર ન જાન્યા કુચ્છ! ઝખમસે ભયા જંગી અવધૂત!
ઝખમ જિન લગ્યા લગ્યા હો....જી! [169]

...........

[166] 'દીવાને સાગર', ૬.૨., પૃ. ૧૭

[167] એજન, પૃ. ૬૫

[168] એજન, પૃ. ૯૯

[169] એજન, પૃ.૧૦૧

પ્રેમની મસ્તી આત્મજ્ઞાનમાં- આત્માનુભવમાં પરિણમતાં તેનું સ્વરૂપ પણ બદલાય છે. આ સ્વાનુભવને કારણે અભિવ્યક્તિને સચોટતા ને અર્થગાંભીર્ય પ્રાપ્ત થાય છે, જુઓ:

ગુરુ અણુ અણુ અવતાર! લીલા બ્રહ્મ તણી!
કોઇ અવધૂ પામે પાર! મૌજ બની ન બની! [170]

આ ખલક અલખની મૌજ! શૂન્ય શિખર અધ્ધર!
સહુ દુનિયા મુક્તિ ફૌજ! નકશો ધનચક્કર! [171]

'જુગ જુગ જીવો જીવનજી'માં સ્વાનુભવ વડે એમને પ્રાપ્ત થયેલી પ્રેમની મસ્તી મધુરતા તથા વેધકતા ધારણ કરે છે:

શરીર ચીરીને કર્યો સાથરો, આસન નવલાં નયનજી!
ખેલો રે ખેલો મ્હારે આંગણે ચોખ્ખાં ચૌદે ભુવનજી! [172]

ભક્તિજ્ઞાનની એકતા દર્શાવતું પદ 'હમ તો સચ્ચી બતલાયેં!'માં ઉપદેશાત્મક શૈલીમાં 'સાગર' સંસારની ક્ષણિકતાનું આલેખન કરતા મસ્તીભરી બાનીમાં કહે છે:

તું સંસારી! તું વેપારી!! માલ ખજાના તેરા!!
ચલ! બે! ચલ! ખાલી કર ઘરકો! મત કર મેરા મેરા
નિકલ બે! જલતા ઘર તેરા!
બાતાં તેરી બ્હોત રસીલી! કરતા કલા કુશલતા!!
મનમેં મહોબત દામચામકી ચલે ન એ ચૈચલતા! [173]

'હમે તો સત વસ્તુ દેવે'માં પ્રેમની અનન્યતા દ્વારા પ્રગટતી 'મસ્તીનું સાગર' દર્શન કરાવે છે, જુઓ:

દેશ, વેષ , તન, ધન દો દિનકે. સુખને કે સાજનિયાં.... જી.
લાલનસેં દિલ! લગન લગા દો! સાગર બડા લગનિયાં! [174]

...........

[170] એજન, પૃ. ૧૨૨
[171] એજન, પૃ. ૧૨૩
[172] એજન, પૃ. ૬૭
[173] એજન, પૃ. ૯૨
[174] એજન, પૃ. ૯૩

'યાર મેરે દિલ કે અવધૂતા!' ભજનમાં પ્રેમની અનન્યતાનું નિરૂપણ અજબ મસ્તીયુકત છે. જુઓ:

કાશીપુરીકી, સન્તોં ! મૈં તો કલાલણ!
મદવા ભરી ભરી પાઉં! મેરે યાર!
યાર મેરે દિલકે અવધૂતા!
+ + +
પિયા બુઢ્ઢાજીને! પાયા જોબન! વાહ!
જવાન ચકવાચૂર! મેરે યાર! [175]

પ્રેમયોગી 'સાગર'ની 'દીવાને સાગર', ઈ.૨ ની ગઝલોમાં પણ આત્માનુભવ દ્વારા પોતાને પ્રાપ્ત થયેલી મસ્ત દશાનું નિરૂપણ છે. ગઝલોમાં શૃંગારની પરિભાષા દ્વારા આત્માનુભવના નિરૂપણમાં 'સાગર' મસ્તીની છોળો ઉડાડે છે. 'અગર - હાં - હું હતો દાનો' ગઝલમાં જુઓ:

દીધી ચૂમી અને લીધી!
સનમ. તન મન ગયાં લૂટી-
મઝા શી લૂંટમાં મીઠી ?! પૂછે- હાં-હાં! લૂંટાનારો! [176]

'સાગરે' સનમ સાથેની એકતાના 'તું એ છે યા બીજો સાગર' ગઝલમાં કરેલા નિરૂપણમાં પણ પ્રેમની મસ્તી નોંધપાત્ર છે.

ભલા! આ જૈફ હાલતમાં -
ચડ્યો શી બેશરમ લતમાં ?
જીહાં! અલમસ્ત વહદતમાં, પડ્યો કાયમ પથારી પર. [177]

જો જે- મ્હેને એ જાણતી ગઝલમાં પણ આવી મસ્તી છે જુઓ:

ગૂંથી લબે લબ શી હસે!
દિલ્બર તું તો વટલી જશે!
હાં હાં કસમ છે જો ખસે- બસ પા જ પા! અય હાંફતી! [178]

...........

[175] એજન, પૃ. ૪૯
[176] એજન, પૃ. ૧૫
[177] એજન, પૃ. ૨૦
[178] એજન, પૃ. ૨૧

'ખૂબ ખૂબ' તેમજ 'ના ના ગઝલ લલકારજો' માં પ્રેમની મસ્તીનું નિરૂપણ કરતી પંક્તિઓ પ્રેમના નશામાં ચકચૂર 'સાગર' નું યથાર્થ દર્શન કરાવે છે. જુઓ:

શી આજ માઝમ રાતડી! મસ્તો! પીઓ બસ ખૂબ ખૂબ!!
લ્યો-પીપ ખોલો અબઘડી. સાકી! ભરો! હાં! ખૂબ ખૂબ!![179]

પાજો પીજો બેખુદ બની!
અર્જી મગનર આ જૈફની:-

મર્હૂમ સાગરશાહની ના ના ગઝલ લલકારજો.[180]

'છેક વહી જાવું' ગઝલમાં પ્રેમધર્મનું આવશ્યક લક્ષણ ઇશ્કે શરાબની મસ્તી ભરી પ્યાલીનું ઇજન આપતા 'સાગર' કહે છે:

ભલા. તું કોણ? ને ક્યાંથી?
કબર પર કોણ સંગાથી?
અગર ભર પ્યાલી છલકાતી-પી! લે! લે! આવ! સમજાવું.[181]

સૂફી પરિભાષામાં પ્રેમધર્મનું આ વિશિષ્ટ લક્ષણ દર્શાવતી આ ગઝલની પ્રથમ પંક્તિઓ જુઓ:

ખુદાને તો ખુદા જાણે! અહીં તો બસ બધું આવું!
રહું દિનરાત મયખાને! અહો! હરદમ પીવું-પાવું![182]

આ ગઝલમાં તેમજ દુલ્હન વગરનો માંડવો જેવી ગઝલોમાં પ્રેમધર્મમાં પ્રેમની અનન્યતાની આવશ્યકતા સમજાવતાં 'સાગર' ઇશ્કે શરાબી બનવાનો અનુરોધ કરતાં કહે છે કે:

ચલ! આવ પી! લે લાલ જલ!
જો મોતની પલ છે ચપલ!
પણ, ગા ન સાગરની ગઝલ દિલ પર ખરી મહોબત વગર![183]

...........

[179]એજન, પૃ. ૨૨
[180]એજન, પૃ. ૨૩
[181]એજન, પૃ. ૨૬
[182]એજન, પૃ. ૨૬
[183]એજન, પૃ. ૨૫

બાલાચાર પરના 'સાગર'ના કટાક્ષો દ્વારા પણ 'સાગર'ની આત્માનુભવની ખુમારી-મસ્તીનું દર્શન થાય છે- 'સનમ તમારી સાગર!' ગઝલની નીચેની પંક્તિઓ જુઓ:

બિછાવ, દોસ્ત વલ્કલ!
બેહિરત બન્યું જંગલ!
ઈનામમાં કમંડલ! જહાં જલાવી દીધી! [184]

'છે મુલ્કત હિન્દુસ્તાન શો?' ગઝલમાં પણ આવો જ મસ્તીયુકત કટાક્ષ છે, જુઓ:

કર્યું ટીલું પણ ઢીલું જ મન!
ચંદન ઉપર! મહીં ધન અગન!
તુંહી તુંહી ના લાગી લગન! બામણ બન્યા! અભિમાન શો! [185]

પ્રેમની અનન્યતા સિવાય અન્ય માર્ગ નથી એ ભાવ રજૂ કરતી 'લબ પર લખેલ અલખ ધરમ' ગઝલની પ્રથમ બેતમાં પણ આત્માનુભવની મસ્તી છે, જુઓ:

બસ ઇશ્ક ઇશ્ક પુકારવું ન ઇતર ધરમ ન ઇતર કરમ!
પૂરેપૂરા પાગલ થવું- બનવું બરાબર બેશરમ! [186]

'રાઝે બકા ખોલું અગર' 'તેમજ' 'બોલ્યાનું કૈ કારણ નથી!' ગઝલોમાં જગતની નશ્વરતા સમજાવતી પંક્તિઓમાં પણ આત્માનુભવની મસ્તીની ચમક દેખાય છે, જુઓ:

સાગર પિલા દૂં મુફતમેં, બસ એક સચ્ચી બાત હૈ:
જૂઠી જહાંમેં જો કૈસા, ઇશ્કકા જીના બર્બાદ હૈ! [187]

ધન!ધન! ઘડી! ધન! પલ વિફલ!
કીજિયે સમાગમ આ સફલ!
ઘડી બે ઘડી બસ ચલ બિચલ, આ તેવુ ને આ રાવઠી! [188]

...........

[184] એજન, પૃ. ૩૨
[185] એજન, પૃ. ૩૬
[186] એજન, પૃ. ૩૪
[187] એજન, પૃ. ૪૬
[188] એજન, પૃ. ૮૩

આ જ ગઝલમાં આત્માનુભવનું શૃંગારપૂર્ણ નિરૂપણ પણ સાગરની મસ્ત દશાનું નિદર્શક છે, જુઓ:

જા - જા! તું તો છે કેફમાં!
શા - શા નશાના ઘેનમાં?
કામણ કર્યું ત્હેં નેણમાં! સૂનપર ઠર્યું ઘર ત્યારથી![189]

'સાગર ધરોંધર હો ગયે' ગઝલમાં 'સાગર' પોતાની મસ્ત દશાનું કારણ પરમાત્મપ્રેમની અનન્યતાને ગણાવીને સ્પષ્ટ કહે છે:

વાહ! કયા પિલાયા ઔલિયા!
થે રાતભર હમ દો અગરે-
રગ રગ અનલહકક ચલ રહા- હમ કૈસે ચકકર હો ગયે![190]

આ જ ગઝલમાં પોતાને માટે સાગર કહે છે:

થા કૌન વો 'સાગર' અગર ?
"ખુશમસ્ત થે! હમને સુના"-
સોતે કબરમેં હૈ મગર 'સાગર' ધરોંધર હો ગયે.[191]

'અગર એ કયાં ગયો સાગર ?' અલ્હકક અનલહકક જલ રહા!' 'સાગર શિવોહમ્ જલ રહા!' 'મધ્યાહ્ન રવિ જવું જલ રહા' અને 'પ્રજ્ઞાનભાનુ જલ રહા!' ગઝલોમાં પરમાત્મા સાથેની પોતાની એકતાનો સ્વાનુભવ 'સાગરે' ગાયો હોઇ પ્રેમની મસ્તીની લાક્ષણિક છટાઓનું સવિશેષ દર્શન થાય છે, જુઓ:

નથી ચોટી! ન દાઢી મૂછ.'
નથી ધૂણી! ન ચિમટો કુછ.'
જનાઝા પર જુવો અબધૂત! શિવોહમ બોલતો તો તેઝ.[192]

...........

[189] એજન, પૃ. ૮૩
[190] એજન, પૃ. ૧૦૭
[191] એજન, પૃ. ૧૦૭
[192] એજન, પૃ. ૧૨૭

ના હમ રહા – ના તુમ રહા! ગાતે હૈ સાહબ સુન સિખર!
અજી! આપ ધનચક્કર ગુરુ સાગર અનલહક્ક જલ રહા![163]

કિસને કહા:- જીવ જીવ હૈ ? કિસને કહા:- જીવ જીવ નહીં ?
તોબાહ કિયા ગુરુરાહમેં! નાહમ્! શિવોહમ્ જલ રહા![164]

જલતા અનલ જ્યું આભમેં, ઉડતા નિકલતા ગાભસે.
ઉલટા ચલે અસમાનમેં. આંખો મેં અલ્લાહ જલ રહા.[165]

પર નારી સબ માતાજી હૈ, સબ પર પુરુષ પિતાજી હૈ,
ફિર રામ ક્યોં નારાજ હૈ ? રગ રગમેં મુરિદિ જલ રહા.[166]

'રબસે લિપટ લિપટકે' ગઝલમાં પોતાનો સ્વાનુભવ વ્યકત કરતા 'સાગર' પોતાને માટે કહે છે:

હસ હસે ખૂબ ખૂબ.. ખુદકો પકડ પકડકે--.
અબ તો હસે ખૂબ ખૂબ! દિલકો જકડ જકડ કે! [167]

પરમાત્મા સાથેની એકતાના સ્વાનુભવભૂમિમાંથી પ્રગટતો ઉલ્લાસ, આનંદ આત્માનુભવી 'સાગર'ની સંતવાણીનું વિશિષ્ટ લક્ષણ છે. પરમાત્મપ્રેમનો આનંદ 'સાગરે' પદોમાં તેમ જ ગઝલોમાં ગાયો છે:

'રામ ધૂન લગી લગી મેરે દિલ'ની અંતિમ પંકિતઓમાં 'સાગર' પ્રેમનો આનંદ વ્યકત કરતાં કહે છે:

કોઇ રાગી! ભાઇ. કોઇ બૈરાગી! મન મસ્તાના મદમાતા!
સાગર રામ રસાયન રચિયા! રુંવે રુંવે બસ રંગરાતા![168]

'પ્રેમસ્વરૂપ પ્રભુનું' ભજનમાં 'સાગરે' પરમાત્મા સાથેની એકતાનો આનંદ પ્રેમલક્ષણા ભકિત દ્વારા આ પ્રમાણે વર્ણવ્યો છે:

આપ અદ્વૈત છો કેવલ હો કહાનજી! 'સાગર' આનંદનો રેલાવું![169]

...........

[163] એજન, પૃ. ૧૨૮
[164] એજન, પૃ. ૧૨૯
[165] એજન, પૃ. ૧૩૧
[166] એજન, પૃ. ૧૩૨
[167] એજન, પૃ. ૧૬૧
[168] એજન, પૃ. ૬૦
[169] એજન, પૃ. ૧૬૯

'સહજ સમાધિનું ભજન' માં પણ રાધાભાવે શ્રીકૃષ્ણ સાથેની એકતાનો આનંદ જ 'સાગરે' ગાયો છે. જુઓ:

સાગર આનન્દનો અવિચ્છિન્ન કાળથી-
આવો ને આવો ઉછાળો! ઓ કહાન![200]

'ભાગ્યની રેખાઓ રુડી' તથા 'લેખમેં મેખ મરાવી!' પદોમાં રસાવેશ: ની ભાવનાનું નિરૂપણ કરતાં પરમ આનંદની પોતાની સ્થિતિ જ 'સાગરે' વર્ણવી છે. જુઓ:

કેલિ કરે રસશેષ સ્વયંભૂ!
ભાગી ભાગી ભવચૂડી!
ચૂડી-ચૂડી- ચૂ...ડી. હે ....જી![201]

વ્યાપક નખસીખ અંગ ઉપાંગે-
અમીરસ હેલી ચલાવી!
ઓ પ્રભુજી! ન્હોતી કળા જાણી આવી![202]

'શતરંજ બસ જીવન્ત, હાં! તેમજ હતો પણ ખામી અકકલની' ગઝલોમાં સ્વાનુભવના આનંદનું નિરૂપણ શૃંગારપૂર્ણ છે. જુઓ:

શી રંગભૂમિ આ જહાં!
સાગર સનમ ખેલી રહ્યો!
શતરંજ બસ જીવન્ત! હાં! લાખો વખત હારી ગઇ.[203]

લીધી દિલદાર ઉછંગે-
કટોરી તર ભરી રંગે!
બજે તાધિન-તધિન - સંગે અહાહા! ઠાઠ અદ્ભુત શો![204]

............

[200] એજન, પૃ. ૧૮૯

[201] એજન, પૃ. ૧૬

[202] એજન, પૃ. ૧૮

[203] એજન, પૃ. ૩૦

[204] એજન, પૃ. ૩૧

'રસ જાલવી ઝીલ્યાં કરે' ગઝલમાં 'સાગર' સ્પષ્ટ જાહેર કરે છે કે 'દીવાને સાગર' માં આ દફતરમાં આત્માનુભવનો ઉલ્લાસ જ તેમણે ગાયો છે:

જા-જો:- દીવાને સાગરે
અળગા હરિ? ના ના ખરે!
રસજાલવી ઝીલ્યાં કરે- સુરસાગરે સહુ દમ બ દમ! [૨૦૫]

'ઠેઠ જઇને બેઠો' પદમાં પરમાત્મા સાથેના મિલનનો 'સાગર'નો આનંદ ચરમ સીમાએ પહોંચે છે. જુઓ:

ઝાકમ ઝોળ રસજાલવી ઝીલે!
થયો હરિશું ઠેઠકે!
બાવા! ઠેઠ જઇને બેઠો!
મસ્તાન-દલહર- મહ સાગર-
આખ્ખે આખ્ખો હુ મેટયો!
બાવા! ઠેઠ જઇને બેઠો! [૨૦૬]

'દીવાને સાગર' દ.૨ માં પણ 'સાગરે' ભકિતની બે વિભિન્ન પ્રણાલિકાઓ પ્રેમલક્ષણા અને સૂફીવાદ બન્ને સ્વરૂપે શૃંગારની પરિભાષા દ્વારા પોતાનો આત્માનુભવ પદો અને ગઝલો દ્વારા ગાયો છે:

'સહજ ઓહંગ સોહંગ,' 'આવી દયા નહોતી જાણી' અને 'ભાગ્યની રેખાઓ રૂડી' પદોમાં રાધાભાવે આત્માનુભવની શૃંગારપૂર્ણ અભિવ્યકિત નોંધપાત્ર છે. જુઓ:

મીલનો ભયો મોરે પ્યારે પિયુરને!
દોનો બને એક અંગ! કહું કૈસે ?
બનત બનત મોરી બન ગઇ લગની!
લાલન લીન્હો ઉચ્છંગ! કહું કૈસે ? [૨૦૭]
રંગ અનંગ રગે રગ ઘૂમે-
રસબસ રહી પ્રભુ માણી! ધણી મ્હારા! [૨૦૮]

...........

[૨૦૫] એજન, પૃ. ૧૮૦

[૨૦૬] એજન, પૃ. ૧૫૭

[૨૦૭] એજન, પૃ. ૯

[૨૦૮] એજન, પૃ. ૧૦

'ભાગ્યની રેખાઓ' રુડી પદમાં પ્રેમમસ્તી અર્થગાંભીર્ય અને શૃંગારનો ત્રિવેણી સંગમ છે. જુઓ:

વાથે મ્હને લીધે નાથે અનન્તે
પેઠી પતાલે હું ઊંડી!
ઊંડી ઊંડી ઊં..ડી! હે....જી! બૂડી
ચાળે ચડાવી મ્હેને મનમોહન!
મીઠી સમાધિમાં સૂતી!
સૂતી સૂતી - સૂ....તી! હે...જી! બૂડી![209]

'સાગર સૂનકી નગરિયા,' 'કડવું ઓસડ મીઠું કીજે,' 'જાગી ઉઠયો વ્હેલો વ્હાણે' પ્રેમ સ્વરૂપ પ્રભુનું ભજન,' 'સહજ સમાધિનું ભજન,' 'ત્રિપુરાનું ભજન,' 'મીરાના ભજનનો લય,' જેવાં અનેક પદો, ભજનોમાં શૃંગારની પરિભાષામાં પ્રેમ અને જ્ઞાનની એકવાક્યતા 'સાગર' ની આત્માનુભવની અભિવ્યક્તિની વિશેષતા છે. જુઓ:

લાજ તજિકે ખેલાવત ખેલત-
સાગર સૂનકી નગરિયાં![210]
સજની! સુનો! પિયુ સાગર ગુંજન!
સહજ ઓહંગ સોહંગ![211]
જાગી અલખરતિ! ક્ષણુ ક્ષણુ લાગી!
મૃતક થયા અમીપાને![212]

છલકે છબીલો આ મનની મટુકીમાં, હેતે હુલાવું ફુલાવું!
ચિતકેરી ગોળી ગોરસ ગુરુજ્ઞાનનું, તાવણી હું તત્વની તાવું![213]
સૂતી સદા યે સહજની સમાધિએ-
આહા! અનન્ત અજવાળું! ઓ કહાન![214]

...........

[209] એજન, પૃ. ૧૬
[210] એજન, પૃ. ૫
[211] એજન, પૃ. ૯
[212] એજન, પૃ. ૫૬
[213] એજન, પૃ. ૧૮૯
[214] એજન, પૃ. ૧૮૯

'ભૂમાનો ભેવ બ્રહ્મ સમુલ્લાસ આ'-ભેદમાં અભેદ ઓળખાવું! [૨૧૫]

પ્રેમલક્ષણા ભકિતની પરિભાષા દ્વારા આત્મજ્ઞાનનો પોતાનો સ્વાનુભવ 'સાગરે' પદોમાં ગાયો છે. એટલું જ નહીં પણ પરબ્રહ્મ સાથેની એકતા માટે નિર્ગુણ ભકિતનો સ્વીકાર અને નિર્ગુણ ભકિત માટે સગુણ ભકિતના રૂપકો-'સાગર'માં આત્માનુભવની અભિવ્યકિતમાં નોંધપાત્ર છે.

'સાગરે' અહંતાનાશ- મનોનાશનો અજાતવાદનો સિધ્ધાંત 'વ્હાલા વ્હાલા ઓ વ્રજપાલા'- પદ દ્વારા આ રીતે રજૂ કર્યો છે:

અયિ વંસી! તું કામણગારી!
હું માંથી દે હું જ વિસારી!
આવાં રાધાઘેલાં છેક બના ... વશો ... માં![૨૧૬]

નાદ નવલ ઉન્મનિ ધર આધો-
ઠેઠ સગુણ નિર્ગુણ પર જાગ્યો-
અંગ વિહંગમ સાગર રંગ ઉડા.વશો....મા![૨૧૭]
વ્હાલું કરી વ્રજ દ્વારિકા બિરાજયા! મૂગા મૂગા શમી જવું![૨૧૮]

કન્હૈયા ભૂમા બ્રહ્મ ખચિત
રસો વૈ ...? રસ રસ રસ રસ રે![૨૧૯]

'આત્માનુ જ્ઞાનનું ભજન' અને 'જુગ જુગ જીવો અખાજી' ભજનોમાં પણ પ્રેમ અને જ્ઞાનની એકવાકયતાનું 'સાગરે' કરાવેલું દર્શન નોંધપાત્ર છે, જુઓ:

જ્ઞાન રામજી, ભકિત સીતાજી!
ઇસી બિધિ એકીકરણી[૨૨૦]

...........

[૨૧૫] એજન, પૃ. ૧૯૦
[૨૧૬] એજન, પૃ. ૧૪૯
[૨૧૭] એજન, પૃ. ૧૪૯
[૨૧૮] એજન, પૃ. ૧૮૯
[૨૧૯] એજન, પૃ. ૧૯૦
[૨૨૦] એજન, પૃ. ૫૩

સાધક તરીકે 'સાગર' પ્રેમમાર્ગ દ્વારા પ્રારંભ કરી જ્ઞાનમાર્ગનું શિખર સર કરી આત્માનુભવ પ્રાપ્ત કરે છે. એટલે પ્રેમમાર્ગના ગુરુ 'કલાપી' અને જ્ઞાનમાર્ગ ના ગુરુ અખાજીનો બંનેનો નિર્દેશ કરતા 'સાગર' 'જુગ જુગ જીવો અખાજી' ભજનમાં કહે છે.

'સાગર' ગુરુ સુરરાજ પ્રસાદે
અલખ અખા ઓળખ્યા જી! [221]

આત્મજ્ઞાનનાં અનેક પદોમાં પ્રેમ અને જ્ઞાનની એકતા 'સાગરે' પોતાના આત્માનુભવ દ્વારા ગાઇ છે. 'અજબ ખુમારી ચડી' પદમાં 'સાગર' પોતાનો અનુભવ આ રીતે વ્યકત કરે છે. જુઓ:

પ્રેમરસાયન પીતાં પીતાં–
ખબર અગમની પડી!
હાં! હાં! રે! ભાઇ! [222]

'જય જય સીતારામ' પદ દ્વારા અનન્ય પ્રેમદ્વારા મનની વૃત્તિઓનો પરમાત્મામાં લય થતા જ્ઞાનના ગુહ્ય દ્વારા ખુલી જાય છે, એ સમજાવતાં 'સાગર' કહે છે:

સરજૂ તીર સુષૂમ્ણા સમજો!
ઉન્મન ઘરમાં આતમરામ
સાધુ ભાઇ! બોલો
મુનિ બનીને ધૂન મચાવો!
જુવો ધણીનું અદબદ ધામ!
સાધુ ભાઇ! બોલો! [223]

પોતાનો સ્વાનુભવ દર્શાવતા 'સાગર' 'હરિ હરિ હરિ સુમરો' રે પદ દ્વારા કહે છે કે: પરમાત્મા પ્રત્યેના અનન્ય પ્રેમથી મનોનાશ દ્વારા પરમાત્મપ્રાપ્તિ થાય છે. જુઓ:

...........

[221] એજન, પૃ. ૧૨૪

[222] એજન, પૃ. ૬૪

[223] એજન, પૃ. ૬૬

હરિ હરિ હરિ સુમરો રે મેરે દિલ! હરિ હરિ હરિ સુમરો:
જીવતા જીવતાં મરી જવું, ભાઇ! જયમ ત્યમ પન્થે પળો![224]

આ જ ભાવ 'મરવુ તો હક છે' ભજનમાં પણ આત્માનુભવ વડે સાગરે વ્યકત કર્યો છે, જુઓ:

જીવતાને ભય મરવાનો, ભાઇ! પળ પળ રામ સુમરવું,
સાગર મુવો ગુરુને હાથે! ફરી ફરી નથી મરવું! [225].

પ્રેમલક્ષણા ભકિત દર્શાવતા ભાગત કવિતા 'કલા! શ્રી!' પદમાં સાગર પોતાને માટે રાધાભાવે કહે છે કે:

ઉન્મનિ બનિકે બદનભાન ભૂલત!
ડૂલત ખેલ ખેલારી![226]

'આ ભજનભેદ ભણી લેજો રે! 'કોઇ ચેતો હાં! નરનારી રે! 'શી રીતે ભકિત કરીએ સૈ!' 'કોઇ હરિજન હો તો આવો રે! 'વ્હાલા વ્હાલા ઓ જલાલા' 'આપ સહારા હમારા' જેવા ભજનોમાં સાગરે પ્રેમ લક્ષણાભકિત દ્વારા અજાતવાદનો સ્વાનુભવ ગાયો છે, જુઓ:

ના શોક મોહમાં મરવું,
મનને નિર્વાસિન કરવું,
પછી ભલે ગમે ત્યાં ફરવું રે - ભકતો પ્યારા! [227]

છે જ્ઞાન, યોગ ને ભકિત
પ્રેમીની અટપટી મસ્તી,
સહુ તજવા મન આસકિત રે- ઓ ... સંસારી![228]

...........

[224] એજન, પૃ. ૬૮
[225] એજન, પૃ. ૮૨
[226] એજન, પૃ. ૮૯
[227] એજન, પૃ. ૯૧
[228] એજન, પૃ. ૯૫

દિન રેન હરિ હરિ કરીએ-
મન મુવા વિના ના મરીએ-
ના ડરીએ, હરિવર હઇયે રે! સા... રચી પ્રીતે[૨૨૯]

અસ્થિર મનથી છે દુનિયા
એ મન રસિયાજી વસિયા,
સાગર હરિના કાસદિયા રે! ઓ..... પંખીડા.[૨૩૦]

નાદ નવલ ઉન્મનિ ઘર આવો-
ઠેઠ સગુણ નિર્ગુણ પર જાગ્યો-
અંગ વિહંગમ સાગર રંગ ઉડા .... વશો .... મા[૨૩૧]

પ્રસ્થિતિ પૂરન ઉન્મનિ પદપે-
પ્રેમ સે પાર ઉતારા.
હરિ. હરિ આપ સહારા હમારા.[૨૩૨]

'હમ કાસી કે રહેવાસી ભાઇ!' ભજનમાં બકરીઇદને બદલે હાથી ઇદ-હું પણાનો -અહંતા- (જેને સાગર Little Mr. I કહે છે તે) નો પરમાત્મામાં લય- ને મહત્ત્વ આપતાં સાગર પોતાનો અનુભવ વ્યકત કરતાં કહે છે:

હમ કાસીકે રહેવાસી! ભાઇ! બડી ભારી જહાં જુમામસીદ!
બકરી ઇદ વ્હાં કોઇ નહી કરતા! બામણ કરતા હાથી ઇદ![૨૩૩]

'સાગર રાજ ભયે ન ભયે' ભજનમાં સાગર પોતાની દશાનો વિચાર આ પ્રમાણે રજૂ કરે છે:

ગુરુ કે ઘરમે જબી આન ખડે, તબી સાગર રાજ ભયે ન ભયે!
જબી સાગરરાજ ભયે ન ભયે, તબી તત્વનિરંજન રામ ભયે![૨૩૪]

...........

૨૨૯ એજન, પૃ. ૧૦૫
૨૩૦ એજન, પૃ. ૧૦૬
૨૩૧ એજન, પૃ. ૧૪૯
૨૩૨ એજન, પૃ. ૧૯૧
૨૩૩ એજન, પૃ. ૬૩
૨૩૪ એજન, પૃ. ૧૩૦

'સાગરે' ગઝલોમાં પણ પ્રેમ દ્વારા અજાતવાદનો મનોનાશનો સિદ્ધાંત રજૂ કર્યો છે. 'જયમ જયમ દરદ આવ્યા કરે' 'પ્રજ્ઞાગ્નિની ભડભડ આગન' 'સાગર ધરોંધર હો ગયે' 'અલ્હકક અનલહકક જલ રહા! સાગર શિવોહમ્ જલ રહા'. જેવી ગઝલોમાં પણ સાગરે હું પણાનો - અહંતાનો પરમાત્મામાં લય કરી, મનની બહિર્મુખ - વિષયમાં જ રમમાણ વૃત્તિઓને આત્માભિમુખ - ચૈતર્મુખ કરીને- મનોનાશ દ્વારા પરમાત્મા સાથેની એકતાનો સ્વાનુભવ પ્રાપ્ત કરવાનો અનુરોધ કર્યો છે, જુઓ:

સુખ કાજ શાને આથડે ?
સુખ દુ:ખ બધું છે મન વડે:
મનથી ચડે, મનથી પડે, મનથી બન્યુ છે માનવી.[234]

પ્રજ્ઞાગ્નિની આગનમાં અહંમ્પણાનો લય કરવાનો માર્ગ દર્શાવતા સાગર કહે છે કે:

સાગર અગમ ચાલે ભજન!
જનવાસમાં વસવું વિજન!
પ્રજ્ઞાગ્નિની ભડ ભડ આગન દે બાળી હું તું- તમામને![235]

દૂધનો માવો થવાની ક્રિયાનું રૂપક આપતા સાગર મનોનાશ દ્વારા અહંપણાને બાળી નાખીને આત્મસ્થ દશા પ્રાપ્ત કરવાનો અનુરોધ કરતાં કહે છે:

હાં! એક દિન હમ દૂધ થે! જલ જલ કે માવા હો ગયે!
ધર આગ પર થા! જી હુઝૂર! ખાણા તુમ્હારા હો ગયે![236]

મનોનાશ દ્વારા શિવોહમ્ પદની પ્રાપ્તિનો પોતાનો સ્વાનુભવ 'અલ્હક! અનલહકક જલ રહા' ગઝલમાં સાગર આ રીતે વ્યકત કરે છે:

તકિયા કિયા ગુરુનામકા! ધર જલ રહા આઠોં પહર!
જબ દે દિયા અપની ખુદી, ના હમ શિવોહમ્ જલ રહા!

...........

[234] એજન, પૃ. ૩૩

[235] એજન, પૃ. ૪૨

[236] એજન, પૃ. ૧૦૭

ના હમ રહા- ના તુમ રહા! ગાતે હૈ સાહબ સુન સિખર!
અજી! આપ ધનચકકર ગુરુ સાગર અનલહકક જલ રહા![૨૩૭]

આજ અનુભવ સાગર શિવોહમ્ જલ રહા ગઝલ માં આરીતે રજૂ કરે છે:

ઉલટા ચલા જણી મન પવન, સોડહં શબ્દસે લે ચલા!
બૈઠા મીલા ગુરુરામસે, સાગર શિવોહમ જલ રહા! [૨૩૮]

ના, ના ગઝલ લલકારજો ગઝલમાં વૃત્તિઓને નિર્વિકારી બનાવવા માટે એક રૂપક આપી સમજાવતા સાગર કહે છે:

દિલ બે અદલ આવે પરત,
તો તો સઝા લાઝિમ સખત,
દઇ નસીહતો તુરતાતુરત - એકાન્તમાં ફટકારજો!

હા! આગના ભકકા મહીં-
જેથી જહાં ભડકી રહી-
તહીં નાહીને નાગા થઇ- મયખાનું ઢૂંઢી આવજો.[૨૩૯]

શી મૂર્ખતા એ ઉંધની ગઝલમાં દૃષ્ટાંત આપતા સાગર કહે છે કે જગતને જોવાની બાહ્ય દૃષ્ટિનો પોતાનામાં લય કરવો જઇએ તો જ જગતનું પરબ્રહ્મ સ્વરૂપે દર્શન થઇ શકે:

બધી પૃથ્વી ચર્મ મ્હડાય ના:
જાતે જૂતી પહેરાય, હાં!
ના ના જહાં બદલાય ના- પણ, થાય લય પોતા મહીં![૨૪૦]

...........

[૨૩૭] એજન, પૃ. ૧૨૮

[૨૩૮] એજન, પૃ. ૧૨૯

[૨૩૯] એજન, પૃ. ૨૩

[૨૪૦] એજન, પૃ. ૪૧

દીવાને સાગર માં દ.૨ ના ઉપદેશાત્મક પદોમાં અસંગ, પ્રણવમંત્રનો જાપ, પ્રેમની અનન્યવૃત્તિ, વાસનાક્ષય અને મનોનાશનો સાગરે ઉપદેશ આપ્યો છે. થોડાંક દૃષ્ટાંતો જોઇએ.

'સમુઝણ બીન સુખ નાહીં' પદમાં પ્રેમમાર્ગની અનન્યતા સમજાવતાં સાગર કહે છે:

જોગી, જતિ, મુનિ, પંડિત સબ તે-
આશક્‌કી અધિકાઇ

બીજા એક પદમાં સાગરે પરમાત્માના નામસ્મરણનો મહિમા ગાતાં કહે છે કે:

હરિ હરિ હરિ સુમરો રે મેરે દિલ. હરિ હરિ સુમરો:
જીવતાં જીવતા મરી જવું, ભાઇ! જયમ ત્યમ પત્થે પળો!
મેરે દિલ! હરિ હરિ હરિ સુમરો!

મનોનાશનું મહત્વ સમજાવતા (સાગર) કહે છે:

મારિકે મનકો અલખકી કટારી-
લેલો શબ્દ્‌કો સહારો,
હો યારો -જાનો- બુઝો! જી.! બિચારો!

અહંતાનાશ - વાસનાક્ષય અને મનોનાશ માટે પ્રેમની અનન્યતાનો માર્ગ સાગર 'હદ વટી બેહદ રહીએ' માં દર્શાવે છે.

ત્રિગુણી જગત નિજ ચિંતનો પડધો,
ચિત્તે સમાધિસ્થ થઇએ.

'મરવું તો હક છે' પદમાં સાગર પ્રેમની અનન્ય વૃત્તિનું મહત્ત્વ સમજાવતાં કહે છે:

જીવતાનેજે ભય મરવાનો ભાઇ! પળ પળ રામ સુમરવું.'
સાગર મુવો ગુરુને હાથે! ફરી ફરી નથી મરવું!

'નામ સહારા હમારા' પદમાં પણ સાગર કહે છે કે

ઇત, ઉત ફેલત ચિત્તકો ફક લે-
લગની કી ધૂનમેં. દુલ્હારા!

આ પ્રકારના પદોમાં પણ સાગરે પરમાત્મ પ્રાપ્તિનો આનંદ અને આત્માનુભવનો ઉલ્લાસ ગાયો છે: જુઓ:

પી હરિ રસ બુટી! અબ ઘડી પી લે!
આગ જગવ રહી મહીં જે.

\+ \+ \+

પ્રકૃતિ ત્રિગુણી ગણી તરણી શી,
દિલને અગમ રંગ દીજે

\+ \+ \+

જીવની સગાઇ કરી, હાં! હાં! પીવથી
અખંડ સુરત સુખ લીજે.

આત્મજ્ઞાનનું ભજન માં સાગર કહે છે:

બ્રહ્મરતિકો યતિ કોઉ ભોકતા!

રટ રટ રે નિજ નામ પદમાં સાગર પોતાનો આત્માનુભવ આ રીતે વ્યકત કરે છે:

સાગર જો ધરસે ખુદ આયે —
વોહી ભુવન! વોહી ગામ.

આત્માનુભવની દશા કરી કમાણી એવી પદ દ્વારા રૂપક શૈલીમાં વ્યકત કરતા સાગર કહે છે:

લાલ લગાડી લંકાપુરીમાં,

પ્રેમના અનન્ય સાધન દ્વારા જ પોતે પૂર્ણતા પ્રાપ્ત કરી છે એ સમજાવતાં સાગર પંડિતો!પોથાં છોડો રે!પદમાં કહે છે:

ગિરિગહ્વર ગરદન પર લાદી
ઉતરી ગયો ભવપાર!

પોતાનો અનુભવ પ્રજ્ઞાનમાનન્દ બ્રહ્મ માં સાગર આ રીતે વ્યકતકરે છે:

સાગર હું તું નહીં તે સાંઈયા!
"પ્રજ્ઞાનમાનન્દબ્રહ્મ!"

પ્રેમની અનન્યતા, વાસનાક્ષય, મનોનાશ- અહંતાનાશ ઉપરાંત અજપાજપ, અસંગ અને ગુરુગમનું મહત્વ પણ સાગરે આ પદો દ્વારા સમજાવ્યું છે.

અવળવાણીના અન્ય પદોમાં પણ પ્રેમની અનન્ય વૃત્તિ દ્વારા સાગર વાસનાક્ષય અને મનોનાશનું મહત્વ સમજાવે છે. બાલાચારની નિઃસારતા અને કટાક્ષ તથા આત્માનુભવની મસ્તી આ પ્રકારના પદોનું વિશિષ્ટ લક્ષણ છે જે 'ચકર ચકર ગુરૂ ધનચક્કર ઉસ ઘર પર ઠરનાં', 'ઐસા જીત લે લંકા' જેવા પદોમાં પણ સ્પષ્ટ જોઇ શકાય છે. જુઓ:

અય પરમેસર! કસમ હૈ તુમકો,
હમારી મ્હડીઆં ના આના!
ભૂલા ચૂકા આપ ચડો તો,
નગન નગન દિલ બહલાના.[241]

ના જપ તપના જોગ સમાધિ-
કિતને પાંવ ભજન કે ? ભૈયા કિતના લંબા પૂચ્છ ?
ધરમ કરમ તન મન ધન પર લગયો ધબડકો મોટો.

પરમાત્મામાં સ્થિત, રાગત્યાગથી પર, આસક્તિવિહીન સહજાવસ્થાનું પદ પ્રાપ્ત કર્યું છે તેવા આત્માનુભવી તરીકેનું સાગરનું દર્શન આ ભજનોમાં થાય છે.

અજાતિ જાતિ કુલ કુલ ગોત-
મળી રહી જ્યોત માંહે જ્યોત!
અગર સાગર જીવ્યો જો હોત- સનમને શું થતો 'તો તે ? [242]

ઉલટા ચલા જબી મન પવન, સોઽહં શબ્દસે લે ચલા,
બૈઠા મીલા ગુરુ રામસે સાગર શિવોઽહમ્ જલ રહા.[243]

...........

241 દી.સા.,દ.ર.,પૃ. ૯૯

242 દી.સા.,દ.ર., પૃ.૧૨૭

243 દી.સા.,દ.ર.,પૃ.૧૨૯

અપરિમિત ધન આ બ્રહ્મ સાગર ઉર્મિ ઉર્મિ નિજ પ્રેમે મગન-

ૐ પ્રભુજી ૐ પ્રભુજી જપતાં- પામ્યાં પામ્યાં અમે બ્રહ્મવતન-

હુવો હુવો માયારો ઘટ ભગન - ભગન.[244]

આત્માનુભવના આ પ્રદેશનો પરિચય કરાવતાં નિજાનંદની મસ્તીનું નિરૂપણ કરતાં ધનચકકરનાં ભજનો ખાસ નોંધપાત્ર છે.[245]

સાગર ની જીવન્મુકત દશાનું નિરૂપણ કરતી આત્માનુભવની સાગર ની મસ્તી અને પોતાની જીવન્મુકત દશાનું નિરૂપણ કરતી કેટલીક ગઝલોમાં પણ આત્માનુભવી સાગરનું યથેચ્છ દર્શન થાય છે.[246]

આત્મજ્ઞાનનાં કેટલાંક પદો પણ આ દૃષ્ટિએ અવશ્ય નોંધવા જોઇએ.[247]

વેતનનું ભજન માં સાગરે પરમાત્મ પ્રાપ્તિનો પોતાનો સાધન માર્ગ દર્શાવ્યો છે. સાધનમાર્ગના ક્રમિક પગથિયા દર્શાવતા સાગર મનોનાશ, ગુરુલગની, પ્રેમની અનન્યતા તથા સ્વાનુભવનું મહત્ત્વ સમજાવી પરમાત્મપ્રાપ્તિનો ઉલ્લાસ નીચેની પંકિતઓ દ્વારા આ પ્રમાણે વ્યકત કરે છે.

આયા - આયા - દેખો! હો દેખો વતન વતન!

દેખો દેખો- આયા! હો આયા વતન! વતન![248]

અપરિમિતધન આ બ્રહ્મસાગર ઉર્મિ ઉર્મિ નિજ પ્રેમે ~~મગન~~ મગન

ૐ પ્રભુજી. ૐ પ્રભુજી. જપતી જપતી પામ્યાં પામ્યાં અમે બ્રહ્મવતન.

હુવો હુવો માયારો ઘટ ભગન ભગન. આયા! આયા દેખે હો દેખો વતન!

............

244 દિ.સાં., ઇર , પૃ. ૧૭૯

245 દી.સાં, દ.ર.,પૃ. ૧૧૯-૧૨૯ અને પૃ. ૯૯

246 જુઓ દી. સાં.દ.ર., પૃ. ૧૨૭ થી ૧૩૩

247 દી.સાં, દ.ર., પૃ. ૧૩૬ - ૧૪૪

248 દી.સાં, દ.ર, પૃ. ૧૭૯

'સ્વદેશીનું ભજન અને સાધન સાધ્યું તે સાધુ' પદોમાં પણ સાગરે પરમાત્મપ્રાપ્તિ માટેના સાધનોનું વર્ગીકરણ કરી તે દ્વારા તેનું મહત્ત્વ સમજાવ્યું છે.

મનોનાશ અને વાસનાક્ષય માટે અભ્યાસ, વૈરાગ્ય, ષડ્સંપત્તિ અને મુમુક્ષુતા તથા ગુરુગમ અને અજપાજપનું મહત્ત્વ સમજાવતાં સાગર કહે છે જૂઓ:

હું પણ જગ પણ

જયાં સુધી વાસના બીજ બળતું નથી
ત્યાં સુધી જીવપણું ના તજાતું.
જેમ છે તેમ નિજ રૂપ અવલોકવા-
નેત્ર નવ સ્થૂલની પાર જાતું
સતત અભ્યાસપણ, પ્રેમ વૈરાગ્ય પણ,
જ્ઞાન ચૈતન અમીના પીવાતું
બ્રહ્મ અણલિંગીનું પૂર્ણ પ્રાકટય નહીં
લિંગના ભંગ વિણ અનુભવાતું.[૨૪૯]

'આપ સહારા હમારા' પદમાં પણ આત્માનુભવ માટે પ્રેમની અનન્યતાનું મહત્ત્વ જ સાગર સ્વીકારે છે.

'સાગર'નો પરમાત્મપ્રાપ્તિનો માર્ગ એટલે અનન્ય પ્રેમ દ્વારા મનોનાશનો માર્ગ, જુઓ:

આશિક જયું સુમરત માશુકકો-
-યુ સુમરન હૈ તુમ્હારા!
પ્રસ્થિતિ પૂરન ઉન્મતિ પદપે-
પ્રેમત્સેં પાર ઉતારા. [૨૫૦]

...........

૨૪૯ દી.સાં. ૬.૨, પૃ. ૩૬૭
૨૫૦ દી.સાં. ૬.૨, પૃ. ૧૮૧

'પ્રભુ તું જ છે, પ્રભુ તું જ છે' પદમાં પણ સાગર આ જ હકીકત સ્પષ્ટ કહે છે જુઓ:

પ્રભુ તું દયાઘન તાત છે! નિર્ગુણ નિરંજન થાય છે!
જ્યાં ઇશ્ક ત્યાં સાક્ષાત છે, પ્રભુ તું જ છે, પ્રભુ તું જ છે.

દીવાને સાગર દફતર ૨ નાં ઉપદેશાત્મક પદોમાં અસંગ, પ્રણવમંત્રનો જાપ, પ્રેમની અનન્ય વૃત્તિ, વાસનાક્ષય અને મનોનાશને સાગરે ઉપદેશ આપ્યો છે. થોડાક દૃષ્ટાંતો જોઇએ:

હરિ હરિ હરિ સુમરો રે મેરે દિલ!. હરિ હરિ હરિ સુમરો
જીવતા જીવતા મરી જવું, ભાઇ! જ્યમ ત્યમ પન્થે પળો
મેરે દિલ. હરિ હરિ હરિ સુમરો!

મનોનાશનું મહત્ત્વ સમજાવતાં સાગર કહે છે:

મારિકે મનકો અલખકી કટારી
લેલો શબ્દ કો સહારો
હો મારો!. જાનો, બુઝો જી! બિચારો!

પ્રેમ સ્વરૂપ પ્રભુનું ભજન, સહજ સમાધિનું ભજન, ત્રિપુરાનું ભજન અને મીરાંના ભજનનો લય- પદોમાં સાગરના આત્માનુભવની લાક્ષણિકતા- પ્રેમ અને જ્ઞાનનું અદ્વૈત સ્પષ્ટ જોઇ શકાય છે.

સાગર આત્માનુભવી કવિ છે. નરસિંહ મહેતાની પ્રભાતિયાંમાં વ્યક્ત થયેલું અદ્વૈત તત્ત્વજ્ઞાન - મીરાંના પદોમાં અને દયારામની શૃંગારપૂર્ણ, સંગીતક્ષમ ગરબીઓમાં વ્યક્ત થયેલી પ્રેમલક્ષણા ભક્તિના ઋજુ ભાવો, દયારામની ગઝલોમાં વ્યક્ત થયેલી સૂફીવાદની ઇશ્કે હકીકીની ભાવના, કાજી અનવર જ્ઞાનીની ગરબીઓ, પદોને ગઝલોમાં રજૂ થયેલી સૂફી વિચારધારા તથા અખાજીને કબીરની વાણીમાં વ્યક્ત થયેલ વિચારધારા સાગરમાં પણ સ્પષ્ટ જોઇ શકાય છે.

આત્માનુભવી કવિઓ નરસિંહ, મીરાંબાઇ, અખો, દયારામ અને અનવર જ્ઞાનીની કક્ષાના જ સાગર આત્માનુભવી સંત કવિ છે.

અખાની તેમજ કબીરની અજાતવાદની વિચારધારાની પ્રબળ અસર 'સાગર' ની વાણીમાં સ્પષ્ટ વરતાય છે. અખાની માફક અજાતવાદ અને સૂફીવાદનું સામંજસ્ય સાગરની આત્માનુભવી કવિ તરીકેની લાક્ષણિકતા છે.

'વ્હાલા વ્હાલા ઓ વ્રજલાલાલા! કહાના, કહાના કામણગારા,' 'ચાલો વૃંદાવન વસીએ,' 'મૂકી દો મૂકો કર મ્હારો કૃષ્ણજી,' 'ફેરો અમારો ફળ્યો રે!, જેવી ગરબીઓ કેં પ્રભુની કાફીઓ કે 'ૐ ભુર્ભુવસ્વઃ [illegible]: નામ મ્હારું કે શ્રી. ગીતાનો ગરબો– માં પણ 'સાગર'ના આત્માનુભવની જ અભિવ્યક્તિ થયેલી જોઈ શકાય છે.

આમ ગરબી, પ્રભાતિયાં, ગરબો, કાફી, પદો, ભજનો અને ગઝલ એમ ઊર્મિકાવ્યના, વિવિધ કાવ્યપ્રકારો વ્દારા પોતાની લાક્ષણિક અભિવ્યકિત વ્દારા પ્રેમલક્ષણા અને સૂફી એમ ભકિતના ઉભય પ્રકારો વ્દારા સાગરે પોતાનો આત્માનુભવ માણ્યો છે– ગાયો છે. સાગરે પ્રેમ અને જ્ઞાનની એકતાનો પણ પોતાની વાણીમાં સ્વીકાર કર્યો છે. આત્માનુભવી કવિ તરીકેની સાગર ની આ વિશેષતા છે.

અખાજી અને કબીરની કોટીના આત્માનુભવી તરીકેનું સાગર નું દર્શન કરાવતી– સાગર નો આત્માનુભવનો આનંદ વ્યકત કરતી પંકિતઓ:

પૂર્ણતાનો યથાર્થ પરિચય કરાવે છે. જુઓ:

ખુદ સ્વર્ગથી આવ્યું લખત:
સાગર ઇજન સો સો વખત—
અજી! કિસ્મતે કાયમ તખત! ત્યાં તે જનારું કોણ છે ? [૨૫૧]
+ + +
શી રંગભૂમિ– આ જહાં!
સાગર સનમ ખેલી રહ્યા–
શતરંજ બસ જીવન્ત. હા. લાખ્ખો વખત ઢાળી ગઇ! [૨૫૨]

...........

૨૫૧દી.સા.દ.૨, પૃ. ૨૪

૨૫૨દી.સા.દ.૨, પૃ. ૩૦

સાગર અગમ ચાલે ભજન, જનવાસમાં વસવું વિજન
બ્રહ્માગ્નિની ભડભડ અગન, દે બાળી હું-તું, તમામને.

સોઽહં સોઽહં સોઽહં સો ભજે, ભજે ચામ ને દામ
નાઽહં નાઽહં મંત્રથી સાગર ઉર આરામ

બ્રહ્મસાગરે સદા થતાં ન થતાં બુદબુદા,
સહજ ગુટા સર્વદા વિકલ્પ ના ઉઠાવ્યું

રામ મંત્ર તારક ગુરુવાચક દિલ જિસને ઠહરાયા
રામ બરાબર રામ બના હે સાગર અનભે પાયા

જીવતાને ભય મરવાનો ભાઇ! પળ પળ રામ સમરવુ
સાગર મુવો ગુરુને હાથે ફરી ફરી નથી મરવું.

અગમ દેશ કી ઉલટી આંટી વેદશાસ્ત્ર કયા કરનાજી?
ઉલટા મારગ ચલે અસલસે મુ માલિક સે મિલનાજી.

ઉલટા ચલા જબ મન પવન સોઽહં શ્વાસ સેં લે ચલા,
બૈઠા મિલા ગુરુ રામ સે, સાગર શિવોઽહં જલ રહા.

ગુરુ સદ્‌ગુરુ પરમેશ્વર મ્હારા જ્યાં જ્યાં દેખો વહાં સાગર રામ રે.

બ્રહ્માનંદ લહર મહાસાગર આખે આખો હું મેટ્યો
બાવા ઠેઠ જઇને બેઠો.
હરિ જૈસા હરિ મેરો મિત્ર ભયો હૈ આપે કરત વિભુ છીહિ
જગતમેં મોં સમ સુખી કોઇ નાહિ

સાગર ધરોધર હો ગયે અને અગર એ કયાં ગયો સાગર! ગઝલની છેલ્લી પંક્તિઓમાં સાગરે પોતાને માટે કહેલી પંક્તિઓમાં જ વિરમીએ.

અજાતિ જાતિ કુલ કુળ ગોત, મળી રહી જ્યોત માંહે જ્યોત,
અગર સાગર જીવ્યો જો હોત, સનમને શું થતો તો તે?
થા કૌન વો સાગર! અગર બુદ મસ્ત થે હમને સુના..
સોતે કબરમેં હૈ મગર, સાગર ધરોધર હો ગયે!